Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

...ग्धावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयल... विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवस्तु परमैक्येन सर्वेषु सत्सु
आत्मानन्द प्रकाशाद् भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४७ चैत्र आत्म सं. २५ | अंक ९ मो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન. ... | ૨૨૩ | ૬ યાત્રાર્થે આવેલા દરેક યાત્રાળુને અગત્યની સૂચના... ... ... | ૨૪૪ |
| ૨ જગત માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના... ... ... | ૨૨૪ | ૭ મનુષ્યમાં મહાવીરપણાની ... પ્રતીતિ. ... ... ... ... | ૨૪૭ |
| ૩ સંસારમાં જન કહો સુખ શું જણાય?..... ... ... ... | ૨૩૦ | ૮ વર્તમાન સમાચાર. | ૨૪૬–૨૫૩–૨૫૪ |
| ૪ સંસાર કેવી રીતે મીથ્યા છે! ... | ૨૩૨ | ૯ ગ્રંથાવલોકન. ... ... ... | ૨૫૪ |
| ૫ આદર્શ–જીવન. ... ... ... | ૨૩૯ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્માનંદ પ્રકાશના ચાલતા ( અઢારમા ) વર્ષની અપૂર્વ ભેટ

# શ્રી ઉપદેશ સિત્તરિ ગ્રંથ.

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞગ્રાહકોને આ અઢારમા વર્ષની ભેટની બુક "શ્રી ઉપદેશ સિત્તરિ" ( અપૂર્વ ઉપદેશ સાથે અનેક કથાઓ સહિત ) સુમારે વીશ ફારમનો મોટો ગ્રંથ આપવાનું મુકરર થયું છે, આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત આટલા ફારમની મોટી ભેટની બુક ( માસિકનું લવાજમ કાંઇ પણ નહિ વધાર્યા છતાં ) આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહી, તેનું કારણ માત્ર જૈન સમાજને સસ્તી કિંમતે–ઓછી કિંમતે વાંચનનો બ્હોળો લાભ આપવાના હેતુને લઇનેજ છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિ. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક જલદીથી આપવાની છે જેથી તેનું છપાવવાનું કાર્ય શરૂ થઇ ગયું છે, જેથી જે બંધુઓને ગ્રાહક ન રહેવું હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકશાન ન થાય; પરંતુ બાર માસ સુધી ગ્રાહક રહી અ[illegible] રાખી પછવાડે ભેટની બુક લવાજમ વસુલ કરવા વી. પી. થી મોકલવામાં આવે. ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિના કારણ જ્ઞાન ખાતાને નુકશાન કરવું અને તેના દેવાદાર રહેવું તે યોગ્ય નથી. માટે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેઓએ અમોને સ્પષ્ટ ખુલાસો લખી જણાવવો એવી નમ્ર સુચના કરીયે છીયે.

---

**જલદી મંગાવો.** **જલદી મંગાવો.**

માત્ર થોડીજ નકલો સીલીકે છે.

# "શ્રીદેવભક્તિમાળા પ્રકરણ ગ્રંથ."

**( જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ [illegible] )**

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભક્તિનું સ્વરૂપ. ૧ પૂજા ભક્તિનો [illegible]ભાવ ૨ આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ ૪ મહોત્સવ ભક્તિ, ૫ તી[illegible] યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દ્રષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવામાં આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભક્તિ કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઈંગ્લીશ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભિત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. ૧–૪–૦ સવા પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી બાકી છે. જોઈએ તેમણે આ સભાને શિરનામે લખી મંગાવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८ ] वीर संवत् २४४७ चैत्र. आत्म संवत् २५. [ अंक ९ मो.

## ॥ श्री वासुपूज्य जिन स्तवन॥

એ માતૃભૂમી તેરે ચરણોમેં શિર નમાવું—એ રાગ.

હે વાસુપૂજ્ય જિનજી, તેરા દર્શન મેં ચાહું;
કારણ લઇ પ્રશસ્ત, મેરોહી કાર્ય પાવું. હે વાસુ૦
અનંતકાલ વિલસ્યો, મિથ્યા અજ્ઞાન સંગે;
તોહીન પામ્યો તૃપ્તિ, વિષયા કષાય રંગે. હે વાસુ૦
અબ તેરા દર્શન ધ્યાતાં, ભાસ્યો સ્વરૂપ મેરો;
ચિદ્‌ઘન સ્વરૂપી આત્મા, ગુણથી નતે અનેરો. હે વાસુ૦
પર દ્રવ્યના મમત્વે, પ્રગટી ન આત્મશક્તિ;
સ્વજ્ઞાન દીપ થાતાં, સત્તા અનંત વ્યક્તિ. હે વાસુ૦
વાણી લહી તુમારી, દીલે ઉતારી મેં તો;
લાલચ મીટી પરની, લક્ષાધિ આત્મ જોતાં. હે વાસુ૦

ઉપદેશક વાડીલાલ સાકળચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જગત માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના.

( ગતાંક પૃષ્ટ ૨૧૫ થી શરૂ )

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે જનરલ બોર્ડ નીમવું જેનાથી અવશ્ય ફાયદો પણ છે, એમ સાબિત થયું, પણ પૈસા વિના શું કરવું ? દરેક બાબતમા મોટું ખર્ચ છે, અન્ય કેટલીક સામાજીક સંસ્થાઓ હિંદુસ્થાનમાં વાર્ષીક હજારો રૂપીઆના ખર્ચે ચાલે છે. જેવાંકે ( હરદ્વાર ગુરૂકુળ કે એવી બીજી અનેક સંસ્થાઓ ) પરંતુ આપણી કોમમાંથી કઇ રીતે પૈસા મેળવવા ? એ મોટો સવાલ રહેછે. પૈસા વિના કામ આવા મોટા પાયા ઉપર કરવું એ અશક્ય છે.

## નાણાં મેળવવાની ગોઠવણ.

પૈસા મેળવવા માટે નવીન જમાનાની રૂઢી આપણે અખત્યાર કરવી જોઇશે. યદ્યપિ ચાલુ ટીપ કરવાની રૂઢીથી પૈસા મળે છે, પણ તે રૂઢી છેવટે કંટાળા ભરેલી છે,તે હંમેશને માટે સલામતી ભરેલી નથી. વારંવાર ટીપ ઉઘરાવવી અને માંગણીઓ કરવી તેમજ પૈસાદારને ખુશ કરવા તેની ખુશામત કરવી, સંસ્થાના દોષોને ઢાંકીને ગુણોજ ગાયા કરવા. આ જેમ અણ છાજતું છે, તેમ હવે વધારે વખત ટકે તેમ નથી. કારણ કે આ રીતે કેટલીક વખત મરજી વીરૂદ્ધ પૈસા આપવાથી ગૃહસ્થો કંટાળે છે, અને જેમ જેમ સુધરેલા ગૃહસ્થો થશે તેમ તેમ તેઓને આ અસભ્યતા ભરેલું લાગશે. તેમજ કેટલીક વખત વેઠ જેવું લાગશે. અને છેવટે સંસ્થા તરફ વિરૂદ્ધ લાગણી થવાનો પ્રસંગ આવી જાય, કારણકે પૈસાની એવી બાબત જગતમાં છે. અને તે વળી પોતાના હૃદયના પ્રેમ વિના, હૃદયના પ્રેમથી કે પોતાની ખુશીથી ગમે તેટલા પૈસા માણુસ ખર્ચી નાખે પણ મનમાં કંઇ લાગતું નથી. તેટલાજ માટે આ સંસ્થાએ પોતાના પૈસા ખુશીથીજ લોકો પાસેથી મેળવવા, તેઓનો સંસ્થા તરફ પ્રેમ ઉત્પન્ન કરવો ( જેની યોજના આગળ એક અમલદાર દ્વારા બતાવી છે ). પછી જેમ બને તેમ એક વ્યક્તિ ઉપર થોડો બોજો અને લાંબી રાશિએ રકમ માંગવી, તેમજ આકર્ષક મેળાવડામાં ભેટ તરીકે, કે મેમ્બરોના લવાજમ, કે લૉટરી, કે સૌને પોતાની ફરજ, અને આપણું પોતાનું કામ છે, એમ સમજાવીને જેવો અધિકારી તેવી રીત પ્રમાણે તેને સંસ્થાના ફાયદા સમજાવીને રકમ લેવી. તેમજ જૈન કોમમાં આંખો મીચીને અનેક સખાવતો છુટે હાથે થાય છે. તે થતાની સાથે કેવી રીતે સંસ્થાના આ ફંડમાં પડી જાય એવી યુક્તિ ભરી યોજના કરી તે પૈસાનો પ્રવાહ આ તરફ વાળવો જોઇએ. તેમજ જો હિંમત હોય તો નાણુા ઘણા જમે મેળવી શકાય. એક સંસ્થાની પેઢી ( બેંક ) દ્વારા તે નાણાંની વધારે રકમ ઉપજાવી શકાય, તહેવાર પ્રસંગે કે ખાસ કુટુંબિક કે ધાર્મિક મહોત્સવ પ્રસંગે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થા યોજના બળથી સારી રકમ મેળવી શકે. માત્ર આવી અવનવી યુક્તિઓ અને યોજના તો રાખવીજ જોઈએ. અને તે ખાતર પણ એક ખાતું રાખવામાં આવ્યું હોય એટલે અનેક રીતે પૈસા મેળવી શકાય. કોઈ પણ જૈનની પોતાના ધંધા તરીકેની ઑફીસમાં કે દુકાનમાં સંસ્થા તરફથી એવી પેટીઓ રાખી હોય છે કે જે પેટી સુંદર ફરનીચર તરીકે શોભે, ઓફીસ અને દુકાનની શોભામાં વધારો કરે તેવી મુકાવવી, તેમાં દરરોજ અમુક રકમ નાખવામાં આવે. બાકી ઈચ્છા પ્રમાણે તહેવાર પ્રસંગે ગમે તેટલી નાંખે આવી રીતે પણ કેટલાક, પૈસા મેળવી શકાય, તેમજ પર્યુષણના વ્યાખ્યાન પ્રસંગે પણ કેટલીક છુટી છુટી રકમ મેળવી શકાય. દરેક ગામમાંથી થોડી થોડી રકમ મળે પણ લાંબે સરવાળે એક સારી રકમ મળી જાય. તેમજ ખાતાવાર ખર્ચનો બરોબર આંકડો કાઢી સમાજ પાસે તેની માંગણી કરવામાં આવે. જેમકે ઐતિહાસિક વિભાગમાં, શોધખોળ, વિદ્વાનને પગાર, શિક્ષક, પુસ્તકો, સાધનો વિગેરેનું વાર્षીક ખર્ચ ધારો કે ૨ હજાર રૂપીઆ, આ રકમ જોઈએ છીએ, જેમની ઇચ્છા હોય જેમને આમાંના ખાસ વિષય તરફ પ્રેમ હોયતો તેમની રકમ તે ખાતામાંજ ખર્ચાશે. એવી રીતે પણ પૈસા મળી શકે. ઓછા મળે તો પણ જરૂરત પુરી પાડવા બાકીની મહેનત કમીટી કરે; અને છેવટે જરૂરીઆત પુરી પડી જાય. પણ પહેલાથી બધી ગણત્રી છુટથી ગણીને આંકડો બહાર આપવાથી રકમ મળી જાય અને કામ ચાલે, પરંતુ રકમ મળે તેના પ્રમાણમાં કામ ચલવવું, એમ રાખવાથી રકમ પુરતી મળતી નથી અને કામ લુલું રહેછે. આમ દરેક જુદા જુદા ખાતામાં પૈસા જુદા જુદા લેવાથી સ્હેજે મળી જાય, તેમજ સંસ્થાના મુનિ મહારાજાઓનો રજાના દિવસોમાં વિહાર થાય ત્યારે તેઓ સામાન્ય સૂચના ઉપદેશ દ્વારા કરે અને સંસ્થાની મહત્તા કે ઉપયોગિતા સમજાવે એવું કોઈ પ્રસંગે ભાષણ હોય તો તે પ્રસંગે પણ થોડી થોડી રકમ મળી જાય.

તેમજ યોગ્ય લાગે તો સારા સારા પ્રમાણિક માણસો દ્વારા ટીપો કરાવી શકાય, ટીપ એવી રીતે કરાવવી જોઈએ કે જેમાં બળાત્કાર ન હોવો જોઈએ, ઇચ્છા પ્રમાણે ટીપ ભરાવવી, ને જેમ બને તેમ ઘણા માણસો દ્વારા નાની રકમોથી ટીપ ભરાવવામાં આવે તો પણ એક રીતે ઘણું સારૂં છે, કારણકે, દરેકને પોતાની સમાજના ખાતાની માહીતી મળે, અને પોતાની ફરજ સમજનાર વર્ગનું પ્રમાણ મોટું થાયે, તેમ તેમ, સમાજને લાભ વધારે થાય. કલકત્તા, મુંબઈ, અમદાવાદ, પાટણ, સુરત, રંગુન, વિગેરે મુખ્ય મુખ્ય હિંદના વ્યાપારના સ્થળોમાં જૈન વ્યાપારીઓની સંખ્યા મોટી છે. ત્યાંથી પ્રમાણીક ગૃહસ્થો દ્વારા મોટી રકમો મળી શકે તેવું તો તમને લાગતુંજ હશે. પૈસા જેની પાસેથી કઢાવવા હોય તેને સંપૂર્ણ યોજના અને કાર્યની સારી રૂપરેખા બતાવવી જોઈએ, જો લોકો ફરજ સમજતા થાય તેવી ચળ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળથી સંસ્થાએ નાણા ઉઘરાવવાનું કામ શરૂ રાખ્યું હોય તો મને નાણા મળવાની મુશ્કેલી જણાતી નથી. ગોઠવણ એવી હોવી જોઇએ કે નાણા ભરાઇ જાય, પહોંચો અપાઇ જાય, અને સંસ્થાના ભંડારમાં પહોંચી જાય, વચ્ચે કોઇ પણ જાતનો ગોટાળો ન થાય તેને માટે પુરતી કાળજી ભરી ગોઠવણ હોવી જોઇએ, જ્યાંથી પૈસા મળે તેમ ન હોય ત્યાં વળગવું નહીં. સભ્યતા, માન, સન્માન, અને સંસ્થાનો મોભો ને સત્તા જાળવીને પૈસા કઢાવવા જોઇએ. આ તરકીબો ઘડવા એક આ લાઇનનો વાકેફગાર મગજદાર માણસ જો આપણી પાસે હોય તો વધારે સગવડ પડે. આ રીતે હાથ પગ ચલાવવાથી પૈસાનો તોટો રહે તેમ નથીજ. પછી બેસી રહીને આશામાં ને આશામાં વખત ગાળીએ તો પછી આયુષ્યજ એમને એમ પુરૂં થવાનું. આમાંની રીતો હિંદ બહારના દેશોમાં ચાલુ છે, માત્ર તેને આપણી સમાજનું રૂપ આપી દેવું જોઇએ. આ રીતે કરવાથી ધર્મિષ્ઠ અને લાગણીવાળાજ પૈસા આપનારા શેઠો શોધવા નહીં પડે. કે જેઓ એકવાર આપીને બીજીવાર મોં સંતાડે. કદાચ એકાદ બે વ્યક્તિજ આ બધું ખર્ચ પુરૂં પાડે તો વધારે સારૂં. તેથી માત્ર પૈસા મેળવવાની યોજનાઓ ને યુક્તિને લગતાં ખર્ચનો બોજો સમાજ ઉપરથી ઓછો થાય. પણ આવી સગવડ મળવી હાલ અશક્ય છે. અને કદાચ મળે તો લાંબો વખત ટકી રહે એ સંભવતું નથી. હાલ કંઇ વસ્તુપાળ જેવા ધનાઢ્ય જૈન કોમમાં નથી જણતા કે જેઓ આવી જબરજસ્ત સંસ્થાને લાંબા કાળ સુધી પહોંચી વળે તેટલી રકમની સગવડવાળા હોય કે આપી શકે. છેવટે સમાજ ઉપર આધાર રહેવાનોજ. મોટી રકમ આપનાર મળે તેથી બીજાઓની ન લેવી એમ ન રાખવું. ત્યાં તેના નામનું પાટીયું લગાડવાની વાત થાય એટલે બીજા તટસ્થ રહે, બેદરકારી થાય સંસ્થા પડી ભાંગે. યોજનાનું ફળ અચૂક સિદ્ધ થયું હોય તો પછી નિર્ભય બનીને કામ શરૂ કરો. કામ કરનારાઓ અને પૈસા એ બન્નેને અન્યોન્ય સંબંધ છે. એટલે બન્ને સ્વતંત્ર એક કાર્ય પ્રત્યે કારણો છે. એમ મારૂં માનવું છે.

## કેન્દ્ર કે મહાત્મા મંડળ

આ બધું છતાં—આટલી બધી મહેનત કરીએ છતાં આપણે ધાર્યું હોય તે ફળ મળે છે કે નહીં ? આપણી મહેનત બર આવે કે નહીં ? સંસ્થામાં સાધનોનો દુરૂપયોગ થાય છે કે નહીં ? અમુક જાતની ખામીઓ છે. અથવા કઇ રીતે કરવાથી વધારે સારૂં ફળ ઉપજે ? જૈન શાસ્ત્રથી વિરૂદ્ધ કે નિરપેક્ષ વર્તન સંસ્થામાં થતું નથી ને ? બધા ઉદ્દેશો બરાબર પારપડયે જાય છે કે નહીં ? સંસ્થાની યોજનામાં કોઇ સડો પેઠો છે કે નહીં ? કોઇ માણસ સડારૂપ છે કે નહીં ? આ વિગેરે તટસ્થ રહી નીરીક્ષણ કરનાર, અંતે તેનો રીપોર્ટ પોતાના મંડળમાં સર્વાનુમતે પસાર કરી કમીટી ઉપર મોકલે; કમીટીને તેના ઉપર ચોક્કસ ધ્યાન આપવું પડે. આવું એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંડળ સ્થાપવું. જેને હું કેન્દ્ર એવું નામ આપું છું આમાં જૈન શ્રદ્ધાવાળા વિદ્વાન, નિડર સત્યવાદી જેમ બને તેમ જગતથી નિરપેક્ષ અને અવલોકન શક્તિવાળા, પારિણામ દર્શી, આવી બેચાર, પાંચ કે દશ વ્યક્તિઓ હોય તેનું મંડળ રાખવું જોઇએ. તેનો સંબંધ સંસ્થા સાથે હોય કે બીજું કામ કરતાં હોય માત્ર ઉપર પ્રમાણેની વૃત્તિવાળા હોવા જોઇએ. જેમ તેઓ એક સંસ્થા માટે માર્ગદર્શક બને તેમ બીજી જૈન સંસ્થાઓને પણ પોતાના અભિપ્રાયો આપી શકે અને તેને રસ્તો બતાવવાનું કામ કરે. આપણી સંસ્થાઓ રસ્તો બતાવનારને અભાવે મૃત જેવી હોય છે. કારણકે તેના નેતાઓ યદ્યપિ ધનવાન હોય છે પણ સંસ્થા ચલાવવા યોગ્ય જ્ઞાન ધરાવનારા ઘણે ભાગે નથી હોતા; આશા છે કે આવું એક નાનું મંડળ આપણને મળી શકશે.

આવી સંસ્થા થવાથી બનારસ પાઠશાળા કે મેસાણા પાઠશાળા તરફથી, કે બીજી સામાન્ય રીતે કે સારી રીતે તૈયાર થયેલ યુવાનોને આ કામમાં આપણે પસંદગી કરીને કેટલાકને રોકી શકીએ, જેઓ છુટાછવાયા કામ કરે છે, તેમજ કેટલાકને અસંતોષ મળવાથી લાઇન છોડી દે છે. છેવટે જ્યાં બિલ્કુલ અભાવ એવી સ્થિતિમાં પણ સામાન્ય કામ કરી શકે તેવી સ્થિતિવાળાને પણ ગુમાવી દેવાનો અવસર આવે છે. કેમકે સમાજમાં એવું કામ ઉભું કરવામાં નથી આવ્યું કે–તેઓ સારા માણસોની પરતંત્રતા નીચે રહીને કામ કરી શકે. જેઓ ઓછી શક્તિવાળા છે તેઓ બીજા કામમાં મળતા નથી. પણ એકલે હાથે કે માર્ગદર્શક સિવાય બીજા કામ નહીં કરી શકતા હોવાથી તેમજ સાધનોની ખામીને લીધે જે તે કામ ચલાવતા હોય. તેથી આપણને સંતોષ મળતો નથી. એટલે તે વર્ગને નકામો માનીએ છીયે. સમાજનું ભવિષ્ય ઘડનારે આ બધા ખ્યાલો રાખવાની જરૂર છે.

## હવે એક મહત્વની બાબત તરફ વાંચકોનું ધ્યાન ખેંચુ છું— મુનિયો કેમ મેળવવા ?

આવી મોટી સંસ્થા કરવા છતાં જેના ઉપર સંસ્થાએ અજમાયેશ કરવાની છે તે વર્ગ બહુ અલ્પ સંખ્યામાં છે. પાંચ સાત વર્ષ કામ ચાલે એટલે પ્રાથમિક વર્ગ ખાલી પડે તેમજ થોડી ઘણી સંખ્યા માટે આવું મોટું ખર્ચ શા માટે ? હાલ તાત્કાલીક તો તમને મોટી સંખ્યાનાં મુનિઓ મળી પણ શકશે નહીં. તો પછી આ સંસ્થાનું મુળ તત્વજ અસ્થાયિ છે. જેને માટે આ બધો પ્રયત્ન તે થોડા વખતનેજ માટે રહે છે. આ સવાલ ગુંચવાડો ઉભો કરે તેવો છે અને આ સવાલનો જો ગુંચવાડો ન ઉકલે તો પછી બધુ નકામું.

હું અહીં આપને એટલો પ્રશ્ન કરૂં છું કે જૈન શાસનની ઉન્નતિ માટે મુનિવર્ગને આવશ્યક માનો છો ? જ્યારે તમે આવી સંસ્થા કરશો ત્યારે તમને ધારો કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆતમાં ઓછામાં ઓછા ૨૫ મુનિયો મળવાના કે જેઓ પ્રાથમિક અભ્યાસ કરતાં હોય તેઓ બીજે વર્ષે ઉપલા ધોરણમાં જાય ત્યારે પહેલું ધોરણ ખાલી પડે. તેને માટે ઉપાય એ છે કે આ સંસ્થાને એક તરફી ન બનાવતા મુનિયોને પણ સંસ્થાના અંગ બનાવવાથી તેઓ દરેકને ભલામણ થાય, કે દરેક વર્ષે એક મુનિયે એક દિક્ષિત ઓછામાં ઓછો સંસ્થાને સોંપવો. ગમે તેટલા પ્રયત્ને સાધારણ રીતે સંસ્થાના પ્રાથમિક ધોરણમાં ચાલી શકે તેવો એક નવીન શિષ્ય કરવો અને સંસ્થાને સોંપવો, આમ કરવાથી પ્રતિવર્ષે ઉમેદવારો મળશે. તેઓને સંસ્કારીને યોગ્ય બનાવો. પછી ઉત્તરોત્તર ધોરણો ભરાતા જશે, તેમ તેમ શિક્ષકોની નિમણુંક કરતા જાઓ. બાકીનું બધું પહેલેથીજ ગોઠવવું. માત્ર ખર્ચના બચાવ ખાતર શિક્ષકોની ગોઠવણ માત્ર બાકી રહી શકશે. આ ક્રમથી ઉંચ કોટીનું શિક્ષણ પસાર કરી અમુક ઠરાવેલ કૉર્સો પુરા થએ અમુક વ્યક્તિઓ ચોક્કસ બહાર પડવાની. પછી દર વર્ષે તેવી પરંપરા ચાલશે.

આમ કરવાથી સંસ્થા સ્થાયિ થશે અને જૈન શાસનનું મિશન પણ ચાલુ થશે. હવે દિક્ષા આપવાના કેટલાક નિયમો, કેટલીક સગવડો, કેટલીક પદ્ધતિઓ સંસ્થા તરફથી મુનિઓએ મેળવવી જોઈએ. જે પ્રમાણે વર્તવાથી બધું રીતસર ચાલે, દીક્ષા લેનારને, આપનારને કે સમાજને ત્રાસ થાય તેવા સંજોગોથી દૂર રહી, ખાસ ઉદ્દેશો અને ત્યાગની મહત્તા સમજાવીને દીક્ષા આપવી. તેમ કરવાથી કેળવાયેલા પણ કોઇ કોઇ આવી શકશે. તેમજ શાસ્ત્ર અને સમયનો વિચાર કરીને કેટલાક દિક્ષાને માટે નિષિદ્ધ ઠરાવી આપવા. જેમ બને તેમ નિરોગી, બુદ્ધિમાન્ અને સારી ચિત્તપ્રવૃત્તિવાળા દિક્ષિતો હોય તો વધારે પસંદ કરવા. સામુદ્રિક ઉપરથી કેટલુંક જોવાના પ્રકાર પ્રાચીન સામુદ્રિક શાસ્ત્રોમાં છે. તે કદાચ ગુંચવણ ભરેલા લાગે તો હાલના મુખ લક્ષણ શાસ્ત્રના પ્રયોગો કેટલાક તેઓને બતાવવા કે જેઓ તે પ્રમાણે પરીક્ષા કરીને યોગ્ય શિષ્યો મેળવી શકે. જેઓ દિક્ષા આપવાના વિરૂદ્ધમાંજ હશે તેમને માટે આ લખાણ નથીજ. અને તેમના મત પ્રમાણે આ સંસ્થાજ નકામી છે અને છેવટે સાધુ વર્ગ હોય યા ન હોય તેનો કંઇ અર્થ નથીજ. પણ જેઓ ત્યાગી વર્ગની ઉપયોગિતા જુવે છે તેણે અવશ્ય તે મેળવવા અને તેને સંસ્કાર આપવા પ્રયત્ન કરવોજ જોઇએ. પરંતુ જ્યારે આ સંસ્થામાં બરોબર કેળવાઇને મુનિયો બહાર આવશે તેઓ તો સુધરેલી અને નિર્દોષિ રીતે શિષ્યો મેળવશે.

આને માટે પણ જે જે તરકીબો હોય તે બુદ્ધિમાનોની અજાયબી ભરેલી બુદ્ધિના ખજાનામાંથી મેળવીને અજમાવવી અને સાધ્ય સિદ્ધિ કરવી. બધી બાબતમાં યોજકશક્તિની જરૂર છે. જે ધારણા પાર પાડવી હોય, તે યોજના શક્તિથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાર પાડી શકાય છે. તેના અનેક દ્રષ્ટાંતો આપણને યુરોપીય પ્રજાએ સિદ્ધ કર્યા છે તે આપણા વિદ્વાનોને પરિચિત છે. મનુષ્યજીવનમાં એક વખત એવો આવે છે કે—મનુષ્યનું ચિત્ત નિવૃત્તિ, શાંતિ, પરોપકાર કરવાનું અને ત્યાગ ઇચ્છે છે. ત્યારે આવી સંસ્થા આશીર્વાદ રૂપ થાય છે. તેથી આ ત્યાગીઓ માટેની યોજના કુદરતીજ છે. તેમાં કૃત્રિમતા નથીજ.

## નાણાની વ્યવસ્થા.

નાણા કેમ મેળવવા તે સંબંધે પહેલું લખ્યું છે. પણ તેને કેમ સાચવવા તે રહી ગયું છે. તો તે સંબંધમાં લાંબુ નહીં લખતા,—કોઇ પણ રીતે રકમને ધક્કો ન લાગે તેવી યોજનાથી ટ્રસ્ટી કે જૈન સમગ્ર શ્વેતામ્બર સંઘના પ્રતિષ્ઠિત ગૃહસ્થોને ત્યાં નાની નાની રકમ મુકી અને અમુક ટાઇમે બદલી નાંખવી. આ સંબંધમાં સુધરેલી અને નિર્દોષ કઇ પદ્ધતિ છે. તે આપણે તેવા વિદ્વાન પાસેથી સમજી લેવી જોઇએ અને તે પ્રમાણે ગોઠવણ કરવી જોઇએ. આ સંબંધમાં તેઓએ વિચાર કરીને અવશ્ય રસ્તાઓ શોધ્યા હશે. એકદમ ગમેતેમ ન કરી નાંખવું પણ કોઈ પણ પગલું ભરતા પહેલાં તેનું જ્ઞાન મેળવી લેવું અને વિચાર કરી ગોઠવણ કરવી. તેમાં ટાઈમ અને કંઈ પૈસાનો ભોગ આપવો પડે તો આપવો. પણ પાછળથી ખરાબી ન થાય કે ભૂલનું પરિણામ ભોગવવું ન પડે. આપણા દેશમાં આ રીતે કામ નહીં થતાં ઘણું ખરૂં ગમે તેમ કરી દેવામાં આવે છે. તેથી અનેક નુકશાનો ખમવા પડે છે.

## ગૃહસ્થ વિદ્યાર્થીઓ માટે.

સાથે ગૃહસ્થ વિદ્યાર્થીઓ પણ રાખવા. તેઓ માટે રસોડું, તેમજ બીજી રીતે જમવાની સગવડ ન કરી શકે તેવા સ્ટાફના માણસો માટે રસોડું હોવું જોઇએ. રસોડું પહેલેથી વિચાર કરીને ગોઠવવું હવા અજવાળું, સ્વચ્છતા, સાધનોની વ્યવસ્થિતતા એ વિગેરે જેમ બને તેમ યોગ્ય સુધારાવાળું થવું જોઇએ. જમવાના પદાર્થો એવા અને એવી રીતે રંધાવા જોઇએ, જમવામાં પણ એવી રીતે જોઇએ કે આરોગ્ય ઉપર ધ્યાન આપીને જેટલા જેટલા નિયમો આજ સુધી નિશ્ચિત થઇ ચુક્યા છે તેની અચૂક યોજના કરવી, ચાલુ રૂઢી પ્રમાણે ચલાવ્યે ન જવું. જમવા કેમ બેસવું ? કેટલું જમવું. શું ખાવું ? પાણી કઇ રીતે પીવું ? ચાવવું કેટલું ? મશાલાદાર પદાર્થોનો ઉપયોગ નહીં, પાક પણ શાસ્ત્રીય રીત પ્રમાણે તેમાં બતાવેલ માપ પ્રમાણે થવો જોઇએ.

જેમ બને તેમ આરોગ્યને પહેલું પદ, પછી સ્વાદ. આ બાબતનું જ્ઞાન રસવતી કાર અને જમનારાઓને આપવાની ગોઠવણ. અક્ષુદ્રતા વિગેરે મૂળ સિદ્ધાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સચવાઇ રહેવા જોઇએ. પહેલેથીજ યોગ્ય વ્યવસ્થા. ( ખર્ચનો સંકોચ ન રાખવો ) જેથી કરી તેને અંગે ઉઠતા ક્ષુદ્ર પ્રસંગોનો અવસરજ ન રહે. આપણા લોકો આડા અવળા ખર્ચ કરતાં કેટલીકવાર સંકોચાતા નથી. પણ રસોડામાં કે દેશી નોકરોને નોકરી રાખતાં હજુ એની એ રૂઢી પકડી બેઠા છે.

આજ પ્રમાણે સુવું બેસવું, ચાલવુ, કસરત કરવી. શરીરની બીજી જરૂરીયાતોમાં પણ જે જે બાબતો આજ સુધી આદરણીય ઠરી હોય તે દરેક ચોક્કસ પળાવીજ જોઇએ. મુનિઓ માટે પણ આમાંનો ગ્રાહ્ય ભાગ લઇ શકાય. બ્રહ્મચર્ય વિગેરેની મહત્તાનું જ્ઞાન. આરોગ્ય સાથે સંબંધ, જેમ બને તેમ ખુલાસાથી ને વિવેચનથી સમજાવવું. તેને માટેના નિયમો ઇચ્છાપૂર્વક પાળી શકાય. અથવા બીજી સાવચેતીઓ રાખી શકાય. આ બધી બાબતોની ઉપર પ્રમાણે પૂર્ણ રીતે ઉંડા ઉતરી ગોઠવણ કરવી. ( ચાલુ )

# સંસારમાં જન કહો સુખ શું જણાય?

રચનાર—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી.

( વસંતતિલકા વૃત્ત )

માતાતણાં ઉદરમાં મળમૂત્ર માંહી,
વેઠી અનેક દુઃખ જન્મ પમાય આંહી;
પ્હેલી પછી વય પરાધીનતાથી જાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૧
વાણી નહિ નહિ, વિવેક કરો વિચાર,
વૃત્તિ અતિ ચપળ રે'! નહિ એક ઠાર;
આપે ચલાય નહિ જોતું મુખે મગાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૨
વાચા મળે ન સુખ કે દુઃખ કાંઇ કે'વા,
શક્તિ ન લેશ કરથી કશિ ચીજ લેવા;
ભૂખે રડાય પણ તે કહિ ના શકાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય? ૩
મિષ્ટાન્ન ને મળ વિષે નહિ ભેદ ભાવ.
જ્ઞાની અને શિશુતણો સરખો સ્વભાવ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષ્ટા લઇ કરમહિં મુખમાં ધરાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૪

તેમાં મળી પરમ પાપથી જો કુમાતા,
ભૂંડાજ હાલ શિશુના જગમાંહિ થાતા;
સંભાળ બાળ તણી લેશ નહી રખાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૫

કાઢે વૃથા કુથલિમાંજ કુમાત કાળ,
રોવે ઘરે મળ કરેલ મલીન બાળ;
આવી રીતે અરર ! નર્ક વિષે સડાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૬

આંખે મુખે બણબણે બહુ માખ ભાઈ,
ગંધાય વસ્ત્ર મળમેલ મહિં ભરાઇ;
નાકે થકી સ્રવતું લીંટ મુખે ભરાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૭

એ માતના વળી ગુન્હા વિણ માર સ્હેવા,
કષ્ટો પડે શિશુવયે અગણિત એવા;
કો' બાલ્યકાળ મહીં શું સુખ ભોગવાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૮

મોટા થતાં રમતમાં બહુ ચિત્ત ચોંટે,
જાવું નિશાળ ભણવા ન લગીર ગોઠે,
મ્હેતા તણા પણ પ્રહાર બહુ ખવાય,
સંસારમા જન કહો સુખ શું જણાય ? ૯

વિદ્યાતણું પછી મહાત્મ્ય જણાય જ્યારે,
ઈચ્છા અધીક ભણવા પર થાય ત્યારે;
ત્યાં તો કુરીત અનુસાર વિવાહ કરાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૦

જોવે ન રૂપ ગુણ કે મળતો સ્વભાવ,
નાની વયે કરી વિવાહ લિયે સુલ્હાવ;
દુઃખે પછી દિવસ દંપતિથી કઢાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે નારી આ જગતમાં ઠરવાનું ઠામ,
તે જો કુપાત્ર મળી તો ક્ષણ ના વિરામ;
કંકાસ કલેશ મહિં દીન વ્યતીત થાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૨
ત્યાં તો કરે તરૂણતા તનમાં પ્રવેશ,
લેવા ન દે ષડરિપુ સુખશાંતિ લેશ;
વામા તણો વિરહ ના ઘડિયે ખમાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૩
બારૂં ફરે મન સદા પરદાર કાજ,
ચકલાંપરે જયમ ફરે વિકરાળ બાઝ;
આશા અધિક સુખની દીનદીન થાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૪
માથે પડે વળિ બધો વ્યવહારભાર,
સંતોષવા પણ પડે નિજ પુત્રદાર;
એ માટ નોકરી બહુ કપરી કરાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૫
આધિ ઉપાધિ વળી વ્યાધી નડે વિશેષ,
દ્રવ્યાર્થ દુઃખી થઇને ફરવું પ્રદેશ;
વિશ્રાંતિથી ન પળ એક અરે ઠરાય,
સંસારમાં જન કહો સુખ શું જણાય ? ૧૬

—ચાલુ.

# સંસાર કેવી રીતે મીથ્યા છે?

ઘણા મનુષ્યો એમ કહે છે કે સંસાર મિથ્યા છે અને મિથ્યા હોવાના કારણથી તે ત્યાગવા જેવો છે. પરંતુ પ્રશ્ન એ છે કે જો સંસાર મિથ્યા હોય, અસત્ય હોય, કેવળ મરીચિકા હોય, તો શાસ્ત્રોના આટલા આટલા ઉપદેશ છતાં કોઇને ગળે તે વાત કેમ ઉતરતી નથી ? કદાચ કોઇ એવો ઉત્તર આપશે કે આજ સુધીમાં સેંકડો મનુષ્યોએ સંસારને મિથ્યા સમજીને તેનો ત્યાગ કર્યો છે; પરંતુ ખરી વાત તો એ છે કે તેમણે કશાનો ત્યાગ કર્યો હોતો નથી. ફક્ત પ્રવૃત્તિનો પ્રદેશ બદલ્યો હોય છે સંસાર કાંઇ ઇંટ માટી નથી કે તેનો ત્યાગ થઇ શકે. ત્યાગનો વિષય બહાર નથી. અંતરમાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાચ દલીલને ખાતર સંસાર મિથ્યા માનીએ તોપણ જે મિથ્યા છે તેનો ત્યાગ કરવામાં મહત્વ શું છે? જે વસ્તુને આપણે ખોટી માનીએ તેને પડી મુકવામાં પુરૂષાર્થનો અને વીરત્વનો અવકાશ કયાં છે? જેમાં મહત્તા છે તે પદાર્થોને સાચા માનીને પોતાને પ્રિય હોવા છતાં, પરના સુખ અર્થે અર્પણ કરવામાં છે. જેને આપણે ખોટું માન્યું છે, અને આપણા હૃદયથી જેની કીંમત કશીજ નથી, તે બીજાને આપવામાં આપણી સ્વાર્પણની ભાવના લેશ પણ ચરિતાર્થ થતી નથી. રૂપાનો ઢોળ ચઢાવેલો બેવડીઓ પૈસો, રૂપીઓ મનાવીને આપવામાં જેમ દાન રહેલું નથી, તેમ આપણી લક્ષ્મીને ખોટી, ક્ષણિક, મિથ્યા અને પ્રાપંચિક માનીને દુનીયાને આપવામાં દાનની કે સ્વાર્પણની ભાવનાનું સાફલ્ય નથી. પોતે ખોટું આપવું, અને સામો માણસ તેને સાચું સમજી આનંદ માને અને તેમાં આપણે આનંદ માનવો તે પણ આત્મપ્રવંચના અને પોતા પ્રત્યેની ઠગાઇ છે. ખોટો રૂપીઓ દાનમાં આપીને એમ માનવું કે તે સામો માણસ તેને સાચો રૂપીઓ માની આનંદ મેળવશે તેમાં જેમ ઠગાઇનું તત્વ છે તેમ આપણો સંગ્રહિત દ્રવ્ય સમુહ આપણે પોતે મિથ્યા માનીને તે બીજાને આપી એમ માનવું કે તેને સામો માણસ સાચું માની આનંદ મેળવશે તેમાં પણ ઠગાઇ જ છે. આવી વૃત્તિથી આપેલી લક્ષ્મીમાં એક પક્ષે જેમ મહત્તા નથી તેમ અન્ય પક્ષે ઔદાર્ય કે ગૌરવ નથી.

સંસાર ખોટો માન્યા પછી, ઘણાકો પોતાની લક્ષ્મીનો "સદ્‌વ્યય" આ પ્રકારે કરતા જોવામાં આવે છે; પરંતુ તે તો ડુબતા વહાણમાંથી બોજો ઓછો કરવા માટે માલ દરીયામાં ફેંકી દેવામાં આવે છે તેના જેવું છે અથવા તો અત્યાર સુધી ગેરસમજથી સાચાને બદલે ખોટી વસ્તુનો સંગ્રહ કરવાની જે મુર્ખાઇ કરી હતી, તે મૂર્ખાઇ સુધારવા માટે હવે તેને ફેંકી દેવાનો પ્રયત્ન કરવા જેવું છે.

પરંતુ વસ્તુતઃ સંસાર ખોટો નથી. તે મિથ્યા નથી તેમ પ્રાપંચિક પણ નથી. પ્રભાતની સુવર્ણરંગી ગગનશોભા, મધ્ય પ્રહરનો પ્રકાન્ડ, પ્રખર સૂર્યપ્રકાશ, સંધ્યાનું સ્નિગ્ધ મૃદુ તેજ, રાત્રીની નીલ, નિર્મળ, નક્ષત્રશોભા, પ્રકૃતિના ભવ્ય ચમત્કારો, નદી, તારા, પર્વત, સમુદ્ર કશુંજ મિથ્યા નથી અને કદાચ આપણી નિર્વેદમય વૃત્તિના પ્રભાવથી તેને મિથ્યા માનીએ તોપણ તે તેવા થઇ જાય તેમ નથી. વિજ્ઞાનના, ગણિતના, તત્વજ્ઞાનના, ખગોળના, જ્યોતિષના વિગેરેના મહા નિયમો મિથ્યા નથી. નગરો, રાષ્ટ્રો, મહારાજ્યો, વિગ્રહો આદિ પણ જવલંત સત્યોરૂપે કાયમજ રહેવાના છે. અલબત સ્થાનાંતર, કાળાંતર થયાજ કરવાના. પણ તે બધું ભ્રાન્તિ છે અને ખોટું છે એમ માની તેનો ત્યાગ કરવામાં આત્મપવંચના સિવાય કશુંજ નથી. ખરૂં છે કે તે બધા આપણા ઉપર શુભ કે અશુભ, સુખદ કે દુઃખદ અસર પ્રગટાવ્યે રહે છે; પરંતુ તેથી તે મિથ્યા છે એમ કેમ કહેવાય? તે સમજાતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. સુખ કે દુ:ખ અંતરમાં ઉપજે છે અને તે ઉત્પન્ન થવામાં બહિર પદાર્થોનો ફાળો નિમિત્ત હોય છે છતાં તે અનુભવો મોટે ભાગે આપણી આંતર અવસ્થા ઉપરજ નિર્ભર છે. આપણા ઉપર પ્રિય કે અપ્રિય અસર ઉપજાવે તેટલા કારણથી તે મિથ્યા ઠરતા નથી. ઉલટું જે જે વસ્તુઓ જેટલો પ્રભાવ ઉપજાવે તે તે તેટલા પ્રમાણમાં સત્ય અને વાસ્તવિક ઠરે છે.

ઘણાકો સંસારને ખોટો માને છે તેનું કારણ એ આગળ લાવે છે કે સંસાર તેમની મરજી પ્રમાણે સ્વરૂપ પકડતો નથી. તેમને અમુક પ્રમાણમાં પૈસો ટકો, અમુક પ્રકૃતિના ઘરના માણસો, ઉત્તમ પ્રકારની તંદુરસ્તી વિગેરે વિગેરે જે જોઇએ તે સંસાર આપતો નથી તેથી તેમના હિસાબે સંસાર ખોટો ઠરે છે; પરંતુ તેમાં સંસારનો દોષ નથી. એવા કારણથી સંસારને મિથ્યા માનનાર ભાઇએ સમજવું જોઇએ કે તેમની ઇચ્છા પ્રમાણે બની આવે તેટલા બધા નિયમો સંસારમાં છે, માત્ર તેમનું તે નિયમાનુસાર આચરણ નથી, માટેજ તેમ બની આવતું નથી અને તેથી તેમને નિરાશ થઇને સંસારને મિથ્યા માની તેનો તિરસ્કાર કરવા કારણ નથી; પરંતુ પોતાના મનને અનુસરતી સ્થિતિ ઉપજાવવા માટે યોગ્ય વર્તન કરવા જરૂર છે.

તે ઉપરાંત બીજી મુશ્કેલી એ છે કે સંસાર રહ્યો એક અને આપણે રહ્યા અનેક. દરેકની રૂચિ અને મનો ભાવના પ્રકાર અને સ્વરૂપો જુદા જુદા. તેથી તે દરેકના મીજાજને અનુસરતું સ્વરૂપ સંસાર ધારણ કરી શકે નહિ એ દેખીતું છે. વિશ્વ કેવું હોવુ જોઇએ, તેમાં કેવી વ્યવસ્થા હોવી જોઇએ, તેમાં કેવી સંસ્થાઓ, કેવા મનુષ્યો, કેવા સંબંધો, હોવા જોઇએ તે સંબંધી દરેકે દરેક મનુષ્યોના જુદા જુદા આદર્શ હોય છે અને તે પ્રમાણે ન હોય તેથી પણ સંસાર મિથ્યા હેવાનું માનવું તે યોગ્ય નથી.

ત્યારે સંસાર શું મિથ્યા નથી ? આટલા આટલા શાસ્ત્રો આટલા સૈકાથી જે ઉપદેશ આપે છે તે શું તદ્દન વગર સમજનો અને નિર્હેતુક છે ? ઉત્તરમાં કહેવાનું એટલુંજ છે કે તેમનો ઉપદેશ સંસાર મિથ્યા છે. એટલે ખરી હકીકત એમ છે કે સંસાર મિથ્યા નથી પણ સંસારને પોતાનો માનવો તે મિથ્યા છે. સોયના એક બીંદુને પણ આપણે આપણું બતાવી શકીએ તેમ નથી જે મનુષ્યો પોતાપણા ઉપર વસ્તુમાત્રની પ્રતિષ્ઠા કરાવા મથે છે તે રેતીના ઉપર પોતાની ઈમારતનો પાયો બાંધે છે. સંસાર પોતાની એક પણ વસ્તુને આપણી થવા દે તેમ નથી કોઈ અણધારી ક્ષણે આપણે આપણી માનેલી સાધન સામગ્રીને સંસાર પાછી ખેંચી લેશે એમ શંકા જેવું નથી, કેમકે તે સામગ્રીનું સ્વામિત્વ સંસારનું છે, આપણું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામર મનુષ્યો સંસારને પોતાનો કરવા રાત દિવસ ઉદ્યોગ કરે છે અને થોડા ઘણા અંશે પોતાના ધન સંચયના પ્રમાણમાં સંસાર પોતાના સ્વામિત્વમાં આવી ગયાનું માની પણ લે છે.

વસ્તુતઃ સંસાર અને તે માંહેના સર્વ પદાર્થોની યોજના આપણા આભ્યંતર સદ્દગુણોના વિકાસ માટે નિર્માએલ છે. આપણું શરીર, બુદ્ધિ, હૃદય, ધન, પ્રભાવ એ સર્વનું છેવટનું સાફલ્ય આપણા પોતાના આનંદ અને સુખ માટે નથી. પરંતુ વિશ્વમાં ચોપાસ પ્રતીત થતી પ્રકૃતિની મહા યોજનામાં સમર્પવા માટે છે. એ સમર્પણ તેજ વાસ્તવ ત્યાગ છે. સંસારથી માત્ર ભાગી છુટવું તે ત્યાગ નહી, પણ નિરાશા અને કંટાળો છે. કુદરતની મહાસત્તા એ પ્રકારના આપણા માનસિક વલણને અનુકુળ રહી લાંબો કાળ નભાવતી નથી. જેનાથી આપણે કંટાળીને ભાગવા માગતા હુઈએ છીએ તેજ પરિસ્થીતિ જુદા સ્વરૂપમાં આપણી આસપાસ ગોઠવી દે છે. કેમકે કુદરત અને તેની યોજનાનો ઉદ્દેશ એ ખાસ પરિસ્થીતિ દ્વારા આપણને અમુક શીક્ષણ, અમુક ગુણોત્કર્ષ, અમુક વિશેષત્વ અર્પવાનો હોય છે. માણુસ કશુજ ત્યાગી શકતો નથી. કેમકે જે પદાર્થને તે ત્યાગવા માગે છે તેના સૂક્ષ્મ કારણો તેના મનના પ્રદેશમાં બીજ રૂપે રહેલાજ હોય છે, અને તેથી તે એક પ્રદેશને ત્યાગી અન્ય પ્રદેશમાં જાય ત્યાં પણ પેલુ માનસિક બીજ, કારણ સ્વરૂપે હાજરનું હાજરજ હોય છે અને તે બીજ તેના સ્વભાવને અનુસરતી પરિસ્થતિ તે નવા પ્રદેશમાં ઉપજાવી કાઢે છે. તમે ત્યાગનું અભિમાન રાખનારાઓના પરિચયમાં આવી જોશો તો માલુમ પડશે કે જે પદાર્થોનો ત્યાગ તેઓએ કર્યાનું ઉપલક દૃષ્ટિએ જણાય છે તેજ પદાર્થો, સ્વરૂપાંતરે, તેમની આસપાસ ઘેરો ઘાલીને પડ્યાજ હોય છે. અલબત ત્યાં ઘરને બદલે મઠ, વિહાર, કે ઉપાશ્રય કે તેવા કોઇ સ્થાન હોય છે. પુત્રને બદલે શિષ્યો અને અનુયાયી વર્ગ હોય છે. દ્રવ્યને સ્થાને દ્રવ્ય વડેજ પ્રાપ્ત થઇ શકે તેવું કાંઇને કાંઇ હોયજ છે. અને તેમ હોય તેમાં કશુજ નવાઇ જેવું નથી. કેમકે જે વસ્તુ મનુષ્ય હૃદયના ક્ષેત્રમાં બીજ સ્વરૂપે રહેલ હોય તે, વસતીમાં કે જંગલમાં, ઘરમાં કે ઉપાશ્રયમાં, હરકોઇ પરિસ્થતિ કે સંયોગોમાં, વિવિધ આકારે નાના સ્વરૂપોમાં હોવીજ જોઇએ તેવો કુદરતનો મહા નિયમ છે. માત્ર સ્થૂળ અને બાહ્ય સામગ્રીનો ત્યાગ આંતર બીજ ઉપાદાનનો ત્યાગ કરી શકતો નથી. તે બીજનું ઉપાદાન ત્યારેજ ફેરવાય છે કે જ્યારે મનુષ્યમાં તેને પ્રગતિના માર્ગમાં પ્રેરનાર ઇષ્ટ સત્તાએ ધારેલા ગુણોનો સમુહ પ્રગટેલો હોય છે અને તે ગુણ-સંચય ત્યાગથી નહી પણ તે ઇષ્ટ સત્તાની પ્રેરણાને અનુકુળ રહી વર્તન કરવાથી થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યમાં અત્યારે આંતર બાહ્ય જે કાંઇ શક્તિ સંચય છે **અર્થાત્ તેની** પાસે જે કાંઇ દ્રવ્ય, વિદ્યા, લાગવગ, શક્તિ છે તે સર્વ તેની પોતાની વ્યક્તિગત નથી, પરંતુ આ સમગ્ર વિશ્વ જે મહા સત્તા વડે પ્રેરાઇને સતત કાર્યમય રહે છે તે મહાસત્તાની છે. આપણી માલીકીમાં અત્યારે તે જણાય છે તે ફક્ત એટલાજ માટે તે દ્વારા આપણો અમુક પ્રકારનો વિકાસ, ઉત્કર્ષ અથવા ગુણ અભિવ્યક્તિ થવાનું તે મહાસત્તાએ ઇષ્ટ ગણેલું છે. આપણું શરીર અત્યારે આપણને પ્રાપ્ત છે તે એટલા માટે નહી કે તે વડે આપણે આનંદ કે સુખનો અનુભવ કરીએ, પરંતુ તે સાધન દ્વારા આપણા આંતરિક ગુણોનો ઉત્કર્ષ કરી શકીએ. એ કુદરતની સત્તાનો મૂળ, પ્રાથમિક ઉદ્દેશ છે. તેવીજ રીતે ધન, બુદ્ધિ, વિભવ આદિ પણ આપણને આવી મળવામાં મૂળ સંકેત તે સહુ દ્વારા આપણે અમુક પ્રકારનો વિકાસ સાધવાનો હોય છે. આપણી આસપાસ જે જે સુખજનક કે દુખજનક ઘટનાઓ કુદરતે ગોઠવી છે તે સર્વનો સંકેત આપણા કલ્યાણનો આપણા મંગળનો હોય છે, અર્થાત તે સર્વના અનુભવ દ્વારા આપણને અમુક શીક્ષણ પહોંચાડવાનો હોય છે.

આથી મનુષ્ય તેનાથી કંટાળી નાશી છુટે તે કુદરતને ઇષ્ટ હોય એમ ભાસતું નથી. મનુષ્યો તે પર ના સુખ અર્થે અર્પણ કરે એવો કુદરતનો સંકેત છે. અને મનુષ્ય તેમ કરે તેમાં, સંસારનું ભલુ થવાનો મુખ્ય ઉદ્દેશ નથી. પરંતુ તે દ્વારા તેમ કરનાર મનુષ્યના અમુક ગુણો કેળવાય, તે ગુણોનો પ્રકાશ થાય તેજ મુખ્ય ઉદ્દેશ તે મહાસત્તાનો હોય છે. અલબત તે સમર્પણના પ્રશાંત કાર્ય દ્વારા સંસારના અમુક વિભાગનું પરોક્ષ રીતે શ્રેય થઇ જાય છે. પરંતુ તે ઘટના માત્ર આગંતુક છે. અને તેમ કર્યાનું અભિમાન મનુષ્યની બુદ્ધિમાં ઉદ્દભવે તે કુદરતને પસંદ નથી. સંસારનું શ્રેય કુદરત હજારો પ્રકારે કરી શકે તેમ છે. અને અમુક મનુષ્ય દ્વારા તેમ થાય તે પણ કુદરતનો જનશ્રેય સાધવાનો એક પ્રકાર વિશેષ જ છે, એ શ્રેય થવામાં જો કોઇ અભિમાન લેવાને લાયક હોયતો તે મનુષ્ય નથી. પણ કુદરત છે; મનુષ્ય તો ફક્ત પોતાની મારફત કુદરતને કામ કરવા દે છે, તેનુ વાહન, હથીયાર કે યંત્ર બને છે. મનુષ્ય પોતે સરિતાના બે કાંઠા જેવો છે. સરિતાની માફક તે ફક્ત પોતાની મધ્યમાં થઇને જળને વહેવા આપે છે. અને તે પ્રકારે ફક્ત જળને પોતા મારફતે વહેવા દેવામાં જો તે જળની માલીકીનું અભિમાન રાખેતો તે જેમ બેવકુફી છે તેવીજ રીતે કુદરતની અમુક યોજનાને પોતાના દ્વારા બહિર્ભાવ પામવા દેવામાં મનુષ્ય એવું અભિમાન રાખે કે તે સકળ ઐશ્વર્ય માર પોતાનું છે તો તે પણ તેવીજ મૂર્ખાઇ છે. કુદરત અમુક અધિકાર વાળા મનુષ્યો દ્વારા અમુક ઐશ્વર્યને વહેવડાવે છે. પરંતુ તે બધુ મનુષ્યનું પોતાનું નથી. મનુષ્યની સાચી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરજ એ છે કે જેના તરફથી એ ઐશ્વર્યની અભિવ્યકિત તેનામાં પ્રસ્ફુટ થયેલી છે, તેના વાહન રૂપ બની તેની યોજના પ્રમાણે તેનુ સમર્પણ કરવું જોઇએ. તેણે કોઇ વસ્તુ કે ચીજને પોતાના ઉપયોગ માટે પકડી રાખવી તે કુદરતને સંમત નથી. જેમ તેને ફેંકી દેવી એ પણ તેની યોજના સામે બળવો ઉઠાવવા જેવું છે. તે સામગ્રીનો તેણે ઉપયોગ કરવો અને તે કુદરત ઇષ્ટ હોય તે માર્ગે કરવો એ આવશ્યક છે. અનિવાર્ય છે.

ભીખારી જેમ બધી ચીજોને ખોબામાં લઇ પરભાર્યું મોઢામાં મુકવાની વૃતિવાળો હોય છે તેમ પામર મનુષ્યો વિશ્વમાં પ્રાપ્ત થવા યોગ્ય બધા પદાર્થોને પોતાના સ્વસુખના યજ્ઞમાં હોમવાની વૃતિવાળા હોય છે. કંગાળની નજર નિરંતર જે પોતાના પેટ ભણીજ હોય છે તેમ ભોગ લાલસાથી જીર્ણ થએલા પામરોની દૃષ્ટિ પણ હમેશાં પોતાના વ્યકિતગત ક્ષુદ્ર સ્વાર્થ–સુખ ભણીજ હોય છે. સમસ્ત વિશ્વ તેના પોતાના સુખ સગવડ સરળતા ખાતર બની રહે એવી તેની નિરંતર કામના રહે છે. આખી દુનીયાનું ઐશ્વર્ય અધિકાર અને સુખ સામગ્રી તેને પોતાને એકલાને હોય એમ તેનું હૃદય પોકાર્યા કરતું હોય છે. આવા પામરોને સંસાર જરૂર દગો દે છે. અણધારી ક્ષણે તેને લાત મારીને તેનો પ્રિય સાધન સંચય ખુંચાવી લે છે. તે વખતે બાળકની પેઠે તે ડુસકા ખાઇને રડે છે. વિશ્વની વ્યવસ્થાપક સત્તા સામે મનોમય રીતે તે બંડ ઉઠાવે છે અને વિશ્વનો વહીવટ ચલાવવા માટે તે સત્તા કેવી નાલાયક, નિર્દય, નિષ્ઠુર અને મમતાહિન છે તે સંબંધી નિંદા–પ્રકરણો ઉપજાવી કાઢે છે. આવી સંસાર વ્યવસ્થા સામે તેને ધીરે ધીરે અણગમો ઉપજવા માંડે છે. રીસાઇને તે ધીરે ધીરે પોતાનો અવશેષ સંચય ત્યાગી દેવા માંડે છે. કેમકે તે જાણતો હોયછે કે દયાહિન સંસાર–વ્યવસ્થા તેને નિરાંતે તેનો ઉપલબ્ધ ભોગ સંચય ભોગવવા દે તેમ નથી. તેથી તે ત્યાગ કરે છે જેથી તેમાં ઔદાર્ય હોય તો ત્યાગ કહી શકાય પણ તે જ્ઞાન પૂર્વક સ્વાર્પણ તો નથીજ.

સંસારમાંથી આપણી પ્રકૃતિના બંધારણને અનુસરતી સામગ્રી આકર્ષી લઇ તેનો ઉપયોગ સંસાર અર્થે કરી આત્મસમર્પણ અનુભવવા અર્થે અને તે દ્વારા આત્મ–વિકાસ સાધવા માટે તે છે. જેની પ્રકૃતિનું બંધારણ દ્રવ્ય આકર્ષવાનું હોય છે તેમણે તેમ કરી તે દ્રવ્યનો ઉપયોગ સંસારના શ્રેયને અર્થે કરવામાં અને તે દ્વારા સ્વપરનું કલ્યાણ સાધવામાં કરવો ઇષ્ટ અને ઉપયુકત છે. જેઓનું માનસ–બંધારણ બુદ્ધિ પ્રધાન હોય છે તેમણે તે શકિતનો વ્યય પોતાની આસપાસના બંધુઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિ વિષયક ઉન્નતિ માટે કરવો જરૂરનો છે. કેમકે તેમ થવું એ કુદરતનો આભ્યંતર સંકેત છે. તેજ પ્રમાણે સર્વ કોઇએ પોતાને પ્રાપ્ત થયેલી શકિતનો વ્યય વિશ્વના કલ્યાણ, હિત અને પ્રગતિને અર્થે કરવામાંજ તેનું પરમ સાફલ્ય રહેલું છે.

આ પ્રકારના જ્ઞાન.પૂર્વક સમર્પણમાં જે આનંદ અને સુખ રહેલું છે, એ ભાવનામાં જે પ્રમોદ સમાયેલો છે તે બહુ થોડા મનુષ્યો જાણે છે. કુદરતના બધા સ્વાભાવિક કાર્યોમાં તેણે આનંદજ ભરેલો છે અને જે કાર્ય જેટલે અંશે અધિક આવશ્યક અને સ્વાભાવિક હોય છે, તેટલે અંશે તેમાંથી ઉદ્દભવવા યોગ્ય આનંદ પણ અધિક માત્રામાં હોય છે. ક્ષુધા કાળે આહાર ગૃહણમાં, શ્રમિત અવસ્થામાં નિંદ્રા લેવામાં, આનંદ અને સુખ છે તેનું કારણ એજ છે કે તેમ થવું તે આત્મ સંરક્ષણ માટે અનિવાર્ય છે. તેજ પ્રમાણે ઉપર વર્ણવેલા સ્વાર્પણમાં પણ વિશ્વના પરમ કલ્યાણનો સંકેત હોઇ, જે અભિમાની દ્વારા કુદરત તે પોતાનો કલ્યાણ કર સંકેત સાધે છે, તે અભિમાનીના હૃદયમાં એક પ્રકારનો સૂક્ષ્મ, વચનાતિત, આનંદનો અનુભવ ઉપજાવે છે. સ્થૂલ ભોગોમાંથી ઉદ્દભવતો આનંદ એ આ સૂક્ષ્મ મનોમય આનંદ આગળ કાંઇજ હીસાબમાં નથી. તે બન્નેનો મુકાબલો કરવો તે પણ મૂર્ખાઇજ છે. આ દૈવી આનંદનો અધિકાર આ કાળે વિરલ કોઇ મહાજનોજ અનુભવે છે. અને બીજા પોતાના દેહ સંરક્ષણનોજ સ્થૂલ જડ આનંદ ભોગવી રહ્યા છે. હાય! જડ સુખવાદ ? તારા જડ આવરણોમાંથી જન સમુદાય કયારે પરિમાણ પામશે ?

સંસારને પકડી રાખવો, તેમજ તેનાથી કંટાળી તેનો 'ત્યાગ' કરવો તે ઉભય ઘટનાઓ એક સરખી અજ્ઞાનાવસ્થાની પરિચાયક છે. તે ઉભય પ્રકૃતિના મહાનિયમથી ઉલટી છે. મનુષ્ય જ્યારે સંસારને પકડી રાખી તેને પોતાના અહં અર્થે યોજવા મથે છે, ત્યારે તે સમુદ્રને ઉંચકવા મથતો હોય છે. સમુદ્રને ઉચકવા જતા તે પોતેજ તેમાં ડુબી મરે છે. સંસાર–સમુદ્ર ડુબવા અર્થે નિર્માયો નથી. પણ તેના મારફત આપણા પરિત્રાણનો ઉદ્દેશ કુદરતે રાખ્યો છે. આપણી પ્રકૃતિના વિવિધ અંશો ખીલવવાની, કેળવવાની, વાપરવાની તે પુણ્યભૂમિ છે. સંસારના વિવિધ સાધનો આપણા નિભૃત ગુણ સમુહના પ્રસ્ફોટન અર્થે કુદરતે રચેલા છે અને તેના દ્વારા આપણો આત્મ પ્રગતિનો રથ ચાલવા નિર્મિત થયેલા છે. આ પ્રગતિના પંથમાં કુદરતે આપણા માટે જે આનંદ સ્વાભાવિક રીતે સ્થાપેલો છે તેનો અનુભવ કરતાં જવો તેની મના નથી. કુદરત જે કાંઇ મના કરે છે તે સંસારના પ્રિય ભાસતા પદાર્થોને ક્ષુધાર્ત કંગાળની માફક પકડી રાખી તેની સાથે મહાગાંઠ પડવા સામે છે. આપણે તે વસ્તુને પકડી રાખી તેની આપણા અભિમાની ઉપર પ્રતિષ્ઠા કરવા માગીએ છીએ ત્યારે તે કાર્ય કુદરતના સ્વાભાવિક સરલ નિયમ સામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરોધમાં આવે છે. પરિણામ એ આવે છે કે કુદરત આપણી તે પકડ બળાત્કારે છોડાવે છે અને ફરજીઆત રૂપે આપણી હઠનો અંત લાવે છે. આપણે રીસાઇને જે કાંઇ અવશિષ્ટ હોય તે પણ ફેંકી દઈ તે કાર્યને " ત્યાગ " નું સુંદર અભિધાન આપીએ છીએ. ઉપર કહ્યું તેમ તેમાં કશુંજ મહત્વ, વિશેષત્વ કે ગૌરવ નથી. મહત્વ અને ગૌરવ તેવા ત્યાગમાં નથી, પણ સમર્પણમાં* છે. પ્રકૃતિના મહા ભંડારમાંથી લીધેલી વસ્તુ તેને પાછી સોંપવી એ આપણી ફરજ છે. તે વસ્તુ આપણી નથી. એ વસ્તુના ઉપયોગદ્વારા થતો ગુણવિકાસ અને આત્મવિકાસ એજ આપણા પોતાના સ્વામિત્વના છે.

પદાર્થોને રાખીને આપણે શું કરવા છે ? તેમાંથી જે કાંઇ ગૃહણ કરવાનું કુદરતે ઇષ્ટ ગણ્યું છે તેટલુંજ લઇ તે તે પદાર્થોને તેના સ્થાનમાં પાછા સોંપી દેવામાં સિદ્ધિ છે. રાખવા જઈશું તો તે લાંબો કાળ નભશે નહિ. કુદરત બળાત્કારે ચુંટવી લે તે પહેલા તેનો ઇષ્ટ વ્યય કરવો તેજ ઉપયુક્ત છે. તેમ નહિ થાય તો તેનો પરાણે " ત્યાગ કરવો પડશે, તેવા ત્યાગમાં રસ નથી, આનંદ નથી, મંગળ નથી, સુખ નથી. સુખ સ્વાર્પણમાં છે. લે૦ રા અધ્યાયી.

# આદર્શ—જીવન.

વિઠ્ઠલદાસ મુ. શાહ. બી.–એ.

" Were one so tall to touch the pole,
Or grasp creation in this span:
He must be measured by his saul,
The mind is the measure of the man, "

BRUTUS.

" જો કોઇ મનુષ્ય એટલો બધો ઊંચો હોય કે તે ધ્રુવતારાને સ્પર્શ કરી શકે અથવા સૃષ્ટિને પોતાની મુઠીમાં લઈ શકે તો તેનું પરિમાણ તેના આત્મા દ્વારા થવું જોઇએ. મન જ મનુષ્યનું માપ છે. " બ્રુટસ.

આદર્શ જીવન—નમુનેદાર જીવન કોને કહેવું ? એવો પ્રશ્ન ઉપસ્થિત થતાં ઉત્તર આપી શકાય કે "જે જીવનને અન્ય મનુષ્યો આદર્શરૂપ માને અને તેનું અનુકરણ કરવા માટે તત્પર બને તેજ આદર્શ જીવન છે. " પરંતુ અહિં વિવેક બુદ્ધિનો ઉપયોગ કરવો જોઇએ. કેમકે મોટામાં મોટો લુંટારો, લુંટારાઓનો

* દુઃખ ગર્ભિત વૈરાગ્યને બદલે જ્ઞાન ને સુંદર અભિધાન આપવું જોઇએ તેમ લેખકનું કહેવું છે. —અધિપતિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદર્શ છે; મોટામાં મોટો દારૂડીયો, દારૂડીયાનો આદર્શ છે; કિંતુ લુંટારાને દારૂડીયાને અને ઠગ લોકોને ઉપદેશ ન આપવો જોઇએ એમ કહેવાનો આશય નથી. એટલા માટે આદર્શ–જીવનની કોઈ વ્યાપક વ્યાખ્યા કરવી જોઈએ. " આદર્શ " શબ્દના ગર્ભમાં આપણે પ્રવિષ્ટ થઇએ છીએ ત્યારે તે આપણને તે તેનું સત્ય સ્વરૂપ બતાવે છે અને તે વખતે આપણને પ્રતીત થાય છે કે તે " સારામાં સારો નમુનો " છે. તેથી જે જીવન સૌથી સારૂં હોય તેજ " આદર્શ–જીવન " છે અને જેવી રીતે શારીરિક રોગગ્રસ્ત મનુષ્યને માટે શારીરિક સૌંદર્ય અશક્ય છે, તેવી રીતે દુર્ગુણ રૂપી આત્મિક રોગથી પીડિત વ્યક્તિને માટે આદર્શ જીવન વહન કરવું દુઃસાધ્ય છે. એટલા માટે દુર્ગુણી મનુષ્યોનું જીવન ગમે તેટલું મહાન હોય તો પણ ત્યાજ્ય છે.

એક ફ્રેંચ લેખકે કહ્યું છે કે " જ્યારે પેરીસમાં નેપોલીયનના મૃત્યુના સમાચાર ફેલાઇ ગયા ત્યારે હું રાજમહેલની પાસે થઈને જતો હતો. ત્યાં આગળ કેટલાક લોકો આપસમાં વાતો કરી રહ્યા હતા કે બોનાપાર્ટના મૃત્યુના ચોક્કસ સમાચાર અહિંથી મળી શકશે. જે સમાચારે સમસ્ત યુરોપ દેશને સ્તંભિત કરી દીધું હતું તેનો લેશ પણ પ્રભાવ તે સમયે તે સ્થળ ઉપર જોવામાં આવતો ન હતો. ત્યાંથી હું કાલીફ હોટલમાં ગયો અને ત્યાં આગળ પણ તેવીજ વાતો મારા સાંભળવામાં આવી. જ્યાં જુઓ ત્યાં એકજ પ્રકારની ઉદાસીનતા જોવામાં આવતી હતી. તે વાતથી કોઇ પણ વ્યથિત થતું નહોતું. જે મનુષ્યે પ્રાયઃ સમસ્ત યુરોપખંડને જીતી લીધો હતો અને સમસ્ત પૃથ્વીને ધ્રુજાવી હતી તેણે લોકો ઉપર પોતાની અદ્ભુત છાપ બેસાડી તેઓને આશ્ચર્ય ચકિત કર્યા હતા, પરંતુ તેણે લોકોનો પ્રેમ બિલકુલ સંપાદન કર્યો ન હતો."

ઇમર્સન કહે છે કે નેપોલીયને નૈતિક સિદ્ધાંત વગર પોતાની સમગ્ર શક્તિઓનો ઉપયોગ જીવવામાં અને ઉન્નત બનવામાંજ કર્યો હતો.

હવે કહેવાનો આશય એ છે કે કોઇ માણસ ગમે તેવો મહાપુરૂષ હોય તો પણ જો તેનામાં જરાપણ દુર્ગુણ હોય તો તેના અંશને લીધેતેનું જીવન વર્જ્ય છે. આ સ્થળે નેપોલીયનની વિરૂદ્ધ કંઇક લખવું પડયું છે તે ઉપરથી એમ સમજી લેવાનું નથી કે નેપોલીયનનું જીવન સંપૂર્ણતઃ ત્યાજ્ય અને વર્જ્ય છે. નેપોલીયનની જેવો કોઇ બીજો મહાપુરૂષ થયો છે કે નહિ એ પણ એક શંકાસ્પદ વાત છે.

સર્વાંગ સુંદર જીવનને આદર્શ જીવન કહેવામાં આવે છે. એટલા માટે એક મનુષ્યના જીવનનો એક ભાગ ગમે તેટલો સુંદર હોય, પણ તેનો બીજો ભાગ દુર્ગુણોથી નિકૃષ્ટ બની ગયો હોય તો તેનું જીવન આદર્શભૂત કહી શકાય નહિ. જેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે રંભાને લજવનારી પરમ સુંદરી રમણી પણ પોતાના કર્કશ સ્વભાવને લઇને પોતાનું સમસ્ત સૌંદર્ય ગુમાવી બેસે છે તેવી જ રીતે એક પણ દુર્ગુણથી નિકૃષ્ટ બનેલો મહાપુરૂષ પોતાની સઘળી મહાનતાને કલંકિત કરી બેસે છે.

ઇશ્વરાવતારી મહાપુરૂષોની લોકો અત્યંત પ્રેમ પૂર્વક ભક્તિ કરે છે તેનું કારણ એ છે કે તેઓમાં એક પણ દોષ હોતો નથી. સોના મહોરની થેલીમાં હાથ નાંખવાથી સોના મહોરજ હાથમાં આવે છે તેમ મહા પુરૂષના જીવનની કોઇ વાત ઉપર વિચાર કરવામાં આવે છે તો આપણને કેવળ સદ્દગુણોની જ પ્રતીતિ થાય છે.

લીંકનનું જીવન-ચરિત્ર જોવામાં આવશે તો તેમાં જયાં જોઇએ ત્યાં સદ્દગુણોજ દ્રષ્ટિગોચર થશે. કોઇ પણ સ્થળે નીચતા જોવામાં જ આવશે નહિ. અસ્તુ! હવે સંસારમાં કયા રીતે જીવન-નિર્વાહ કરવો જોઇએ ? એ કઠિન પ્રશ્નનો નિર્ણય કરનાર મનુષ્યોએ એક વાત પુરેપુરી ધ્યાનમાં રાખવી પડશે કે પોતાનું પ્રત્યેક કાર્ય શુભ ઉદ્દેશોથી પ્રેરિત થયેલું હોવું જોઇએ.

ખુની, લુંટારા, ચોર, બદમાશ અને અપરાધીઓને જે જે કઠિન સંકટો અને દુઃખો સહન કરવા પડે છે એવાજ અથવા એ કરતાં પણ વિશેષ કઠિન સંકટો અને દુઃખો ભલા તેમજ પ્રમાણીક મનુષ્યોને પણ સહન કરવાં પડે છે. પરંતુ દુર્ગુણી અને સદ્દગુણી મનુષ્યોનાં દુઃખમાં એટલો ભેદ છે કે સંકટ સમયે દુર્ગુણીઓનો અંતરાત્મા તેને એકલો તજી દઇને ચાલ્યો જાય છે અને સદ્દગુણી લોકોને તેઓનો મનો દેવતા સંકટ સમયે આશ્વાસન દે છે, જેને લઇને તેઓને દુઃખમાં પણ સુખ પ્રાપ્તિ થાય છે. બહુધા આપણા જોવામાં આવે છે કે સદ્દગુણી મનુષ્ય જ્યારે કોઇ વિપત્તિમાં પડવાથી રંક બની જાય છે ત્યારે તેને આશ્વાસન આપવા માટે જેટલા લોકો આવે છે તેટલા અન્યાયથી દ્રવ્ય સંપાદન કરનાર દુર્ગુણી મનુષ્યને અભિનન્દન આપવા આવતા નથી.

એટલા માટે પ્રત્યેક યુગમાં મનુષ્યને જો કોઇ વસ્તુની વિશેષ આવશ્યકતા હોય તો તે કેવલ પ્રમાણીકતાનીજ છે. જો મનુષ્ય પ્રમાણીક હોય છે તો સંકટમય અવસ્થામાં તેનો અંતરાત્મા એક સાચા મિત્રની સમાન તેની પાસે ખડો રહીને તેને આશ્વાસન આપે છે; અને જો મનુષ્ય અપ્રમાણિક હોય તો તેનો અંતરાત્મા તેની ઉન્નતિના સમયમાં પણ નિરંતર તેને સતાવતો રહે છે અને અવનતિના સમયમાં તો તે મુઠી બાંધીને પલાયન કરી જાય છે. સાચી વાત તો એ છે કે સદ્દગુણી મનુષ્યો ઉપર જે સંકટ પડે છે તે બીજાની દૃષ્ટિમાં તો સંકટ છે, પરંતુ તેને માટે તે કસોટી અથવા વ્યાયામ માત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા મહેલમાં રહે અથવા બહાર રહે, તેને જેમ રંકતાનો અનુભવ કદાપિ થઇ શકતો નથી તેમ સદ્દગુણી મનુષ્ય અનુકૂળ દશામાં હોય કે પ્રતિકૂળ દશામાં, તો પણ તેને કોઈ પણ અવસ્થામાં દુઃખની પ્રતીતિ થતી નથી. જેવી રીતે દરિદ્ર મનુષ્યને ઘરમાં તેમજ બહાર, સર્વત્ર તેના હૃદયમાં નિરંતર રંકતાની હોળી સળગતી રહે છે તેવીજ રીતે દુર્ગુણી મનુષ્ય ઉન્નત દશામાં હોય કે અવનત દશામાં, તો પણ તેની મનોવ્યથા તેનો પીછો કદિ છોડતી નથી.

મનુષ્યત્વ પ્રાપ્ત કરવું એજ મનુષ્યમાત્રનું પ્રધાન લક્ષ્ય હોવું જોઇએ. " Manhood overtops all titles " " મનુષ્યત્વજ સર્વ પદાર્થોથી મહાન વસ્તુ છે. " સાધારણ રીતે દ્રવ્ય, માન, ઉપાધિ અને સત્તા આદિ વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે લોકો જેટલા સચેષ્ટ રહે છે તેનો શતાંશ પણ તેઓ સૌથી અધિક મહત્વની વસ્તુ " મનુષ્યત્વ " પ્રાપ્ત કરવા માટે રહેતા નથી. આ કેટલી મોટી ભૂલ છે ? વાસ્તવિક રીતે મનુષ્યત્વ વગર દ્રવ્ય, માન, ઉપાધિ અને સત્તા એ સર્વ નિરૂપયોગી છે, મનુષ્યત્વને એ સર્વ વસ્તુઓની લેશ પણ અપેક્ષા નથી. એ સર્વ વસ્તુઓ વગર મનુષ્યત્વ પ્રાપ્ત થઈ શકે છે. મનુષ્યત્વ મૃગરાજની સમાન એકલું રહી શકે છે. " મનુષ્યત્વ પ્રાપ્ત કરો " એટલીજ વાત જો બાળકો અને યુવકોનાં મનમાં બરાબર ઠસી જાય તો તેઓનાં જીવનમાં મહાન સુધારણા થઇ જાય અને તેઓને માટે સાંસારિક ક્લેશનો મહાન અંશ ઘટી જાય.

આજકાલ પ્રાયે કરીને સર્વ લોકો દ્રવ્યની પાછળ દોડી રહ્યા છે, સર્વ લક્ષ્મીદેવીની પૂજા કરી રહ્યા છે, પરંતુ એમ કરવાથી તેઓ પોતાનાં મનુષ્યત્વને કાંઇ ધક્કો પહોંચાડે છે કે નહિ એનો જરા પણ વિચાર કરતા નથી. અહિં એમ કહેવાનો આશય નથી કે મનુષ્યે દ્રવ્ય સંપાદન કરવુંજ ન જોઈએ. પરંતુ કહેવાનું તાત્પર્ય એટલું તો અવશ્ય છે કે દ્રવ્ય સંપાદન કરવામાં પોતાનું ચરિત્ર કલંકિત ન થવું જોઇએ, સંસારમાં દ્રવ્યની પણ આવશ્યકતા છે, પરંતુ તે કાંઇ એવી વસ્તુ નથી કે જે અન્ય સર્વ વસ્તુઓનો ઉપયોગ કરી શકે. સંસારમાં મનુષ્યત્વજ એક એવી વસ્તુ છે કે જે બીજી સર્વ વસ્તુઓનો ઉપભોગ કરવા સમર્થ છે. અત એવ મનુષ્યત્વ સંપાદન કરવું એજ મનુષ્ય માત્રનું પ્રધાન કર્ત્તવ્ય છે. સંસારમાં દ્રવ્ય વિના કામ ચાલી શકે છે, પરંતુ મનુષ્યત્વ વિના ચાલી શકતું નથી. સત્તા વગર ચાલી શકે છે, પરંતુ મનુષ્યત્વ વગર નહિ. માન અને ઉપાધિના સંબંધમાં પણ એ નિયમ લાગુ પડે છે, અર્થાત્ સમસ્ત વસ્તુઓ વગર મનુષ્યનું કામ ચાલી શકે છે, પરંતુ મનુષ્યત્વ વગર કદાપિ ચાલી શકતું નથી. મનુષ્ય કેવલ મનુષ્યત્વનો ત્યાગ કરવાથી માનવકોટિથી ચ્યુત થઇને પશુકોટિમા પડે છે. દ્રવ્ય પ્રાપ્ત કરવું, પરંતુ મનુષ્યત્વ ગુમાવીને ન કરવું. સત્તા પ્રાપ્ત કરો, પરંતુ મનુષ્યત્વને બદલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિ. મનુષ્યત્વજ મનુષ્યને માટે એક માત્ર જીવન છે. એટલા માટે તેને સર્વથા બચાવી રાખવું જોઇએ. અન્ય સર્વ વસ્તુઓનો નાશ થઇ જાય તો પણ ચિંતા નહિ. જે સમયે રાજા હરિશ્ચંદ્ર મહામુનિ વિશ્વામિત્રને પોતાની સમસ્ત સિંહાસન સંપત્તિ અર્પણ કરીને પોતાના સર્વ મિત્રોને તજીને અરણ્યમાં અત્રતત્ર ભટકતા હતા તે સમયે તેમની પાસે મનુષ્યત્વ સિવાય બીજું શું હતું ? જે સમયે રાજા રામચંદ્ર અયોધ્યાનગરી છોડીને વનવાસ ભોગવતા હતા અને ફલ મૂળાદિ ખાઇને દિવસ વ્યતીત કરતા હતા તે સમયે તેમની પાસે મનુષ્યત્વ સિવાય બીજી કઇ વસ્તુ હતી ? જે સમયે પાંડવો જુગારમાં હારવાથી પોતાના રાજપાટ છોડીને જ્યાં ત્યાં ફરતા હતા ત્યારે તેઓની પાસે મનુષ્યત્વથી અતિરિકત કયી વસ્તુ હતી ? જે સમયે મહારાણા પ્રતાપસિંહ મેવાડના રાજ્યથી ચ્યુત બનીને પવિત્ર રાજપૂત કુલનું ગૌરવ બચાવવા માટે ઉજ્જડ અરણ્યમાં વસતા હતા અને સુકી રોટલી ખાઈને અથવા કોઇ કોઇ વખત ઉપવાસ કરીને દિવસો વ્યતીત કરતા હતા, જે સમયે મહા-રાષ્ટ્રપતિ શિવાજી મહારાજને દિલ્હીમાં કેદ કરવામાં આવ્યા હેતા, જે સમયે નેપો-લીયન કારાગૃહમાં હતો, જે સમયે વોશિંગ્ટન એક દુર્બલ પ્રજાનો ઉદ્ધાર કરવા તત્પર બન્યો હતો, જે સમયે માર્ટિન લ્યૂથર સર્વ સત્તાધારી પોપ અને કેથોલીક પંથની સમક્ષ વાગ્બાણ છોડવાનાં કારણે સમગ્ર યુરોપના સત્તાધારીઓની નજરમાં હલકો પડયો હતો, જે સમયે મહમ્મદને એક ગુફામાં બંધ કરીને સતાવવામાં આવ્યો હતો તે સમયે તે સર્વની પાસે મનુષ્યત્વ સિવાય બીજી કઇ સંપત્તિ હતી ?

એક તત્વજ્ઞાની કોઇ શહેરમાં મધ્યાન્હ સમયે અહિં તહિં દૃષ્ટિ ફેરવતો ચાલ્યો જતો હતો. તેના તરફ જોવાથી માલૂમ પડતું હતું કે તે કોઇ વસ્તુની શોધમાં છે. પરંતુ જ્યારે તે શહેરના વસ્તીવાળા ભાગમાં પહોંચ્યો ત્યારે તેણે જોરથી પોકાર્યું "હે મનુષ્યો" ! તેનો એ શબ્દ સાંભળીને માર્ગ ઉપર ચાલ્યા જનારા મનુષ્યો તેની આસપાસ એકઠા થઇ ગયા. તે સમયે તે કહેવા લાગ્યો કે "તમે લોકો ચાલ્યા જાઓ. હું મનુષ્યોને બોલાવું છું, માત્ર માટીના પુતળાઓને નથી બોલાવતો. મારે તો ખરા મનુષ્યોની જરૂર છે, માટીના પુતળાંઓની જરૂર નથી. કેમકે પુતળાંઓને સોના રૂપાનાં આભરણો પહેરાવીને શણગારી શકાય છે, પરંતુ તેઓ મનુષ્યોની બરાબરી કદિપણ કરી શકતા નથી. જેવી રીતે માટીનાં પુતળાંઓ મનુષ્યોની બરા-બરી કરી શકતા નથી તેવીજ રીતે મનુષ્યત્વ વગર ગમે તેવો અમીર મનુષ્ય પણ મનુષ્યત્વવાળા રંકમનુષ્યની બરાબરી કરી શકતો નથી."

જે મહાપુરૂષ દ્રવ્યની સાચી કિંમત સમજે છે તે દ્રવ્યની સ્પૃહા કદિ પણ કરતો નથી. એથેન્સવાસી સૉક્રેટિસને જ્યારે રાજાએ કહ્યું કે "શહેરના ગંદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગમાં વ્યાખ્યાન આપવાને બદલે દરબારમાં આવો તો કેવું સારૂં " ? ઉત્તરમાં સૉક્રેટિસે કહ્યું કે " શહેરની અંદર અનાજ ઘણુંજ સસ્તુ મળે છે અને પાણી મફત મળે છે, તો પછી મારે દરબારની શી પરવા છે ? "

સિકન્દરે ડાયોજિનિસ નામના તત્વવેત્તાને પૂછયું કે "તમારે કઇ વસ્તુની જરૂર છે ? " ત્યારે તેણે કહ્યું કે મારે એક વસ્તુ જોઇએ છે, તે એ છે કે જરા દુર ખસી જઇને મારા ઉપર સૂર્યનાં કિરણો પડવા દો. "

અનેક તત્વવેત્તાઓએ દ્રવ્યના વિષયમાં પોતાની નિઃસ્પૃહતા બતાવી છે. થેરોડેએ અસંખ્ય દ્રવ્ય પ્રાપ્ત કરવાના પ્રસંગે પણ તેની ઉપેક્ષા કરી હતી અને વિજ્ઞાનની શોધખોળ ઉપર વિશેષ લક્ષ આપ્યું હતું. આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે સાચાં મનુષ્યત્વ ઉપરજ આદર્શ જીવનનો મુખ્ય આધાર રહેલો છે.

# યાત્રાર્થે આવેલા દરેક જાત્રાળુને અગત્યની સુચના

## અન્ય સ્થાને કરેલું પાપ તીર્થસ્થાને વિવેકવડે છુટે છે પરંતુ અવિવેકતાથી તીર્થસ્થાનમાં કરેલું પાપ વજ્રલેપ જેવું નિકાચિત બંધાય છે.

૧ શત્રુંજય, ગીરનાર, આબુગઢ, સમેતશિખર કે પાવાપુરી ચંપાપુરી વિગેરે પવિત્ર સ્થળોની જાત્રા કરવાના રસિક ભાઇ-બ્હેનોએ કોમળ પરિણામ રાખીને જાત્રાનો લાભ લેવા આવતા બીજા જાત્રાળુઓની પણ યોગ્ય સગવડ સાચવવા ભૂલવું નહીં જોઇએ.

૨ આપણે જાતે થોડું ઘણું કષ્ટ ( સંકડાશ ) સહન કરીને પણ સામાની સગવડ સાચવી લેવી એ નિઃસ્વાર્થ સેવાનો લાભ સુજ્ઞ ભાઇ બ્હેનોએ ચુકવો નહીં જોઇએ.

૩ રેલગાડીમાં તેમજ ધર્મશાળામાં એ રીતે આપણે ઘણો લાભ ઉઠાવી શકીએ.

૪ ઘરે મેમાન પરોણાની સેવાચાકરી કરીએ તેથી અધિક સેવા ચાકરી યાત્રીકોની કરવી ઘટે.

૫ મુકામેથી જાત્રાર્થે નીકળ્યા ત્યારથી કોઇ પશુ ( ઘોડા બળદ પ્રમુખ ) ને પણ ત્રાસ આપવો ન ઘટે. ખુલ્લા-અણવાણે પગે ચાલતાં જાત્રા કરવાનું ફળ ન વર્ણવી શકાય એટલું બધું કહ્યું છે તે મોજશોખની ધુનમાં સુખશીલતાથી ગુમાવી દેવું ન ઘટે. સમજીને દેહદમન કરવાનું ભારે ફળ કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ શરીર ક્ષીણતાદિક ખાસ માંદગીના કારણ સિવાય ગર્ભશ્રીમંતોને પણ છતી શક્તિએ જયણાથી ચાલીનેજ તીર્થજાત્રા કરવી ઘટે, આપણે કર્મથી હળવા થવા માટેજ જાત્રાકરવા આવીએ છીએ, ભારે થવાને તો નહીંજ.

૭ જીવિત સહુને વહાલું છે તો પછી છતી શક્તિ ગોપવી જાનવરોને મહા ત્રાસ આપી જયણા રહિત જાત્રા કરવા જવા–આવવાનો અર્થ શો ? પ્રભુની આજ્ઞા સાચવીને જ જાત્રા કરી લેખે થાય છે.

૮ સહુ સાથે મૈત્રી, દુઃખી પ્રત્યે દયા, અને સદ્‌ગુણી પ્રત્યે પ્રમોદ, તેમજ પાપી પ્રત્યે અદ્વેષ ( ઉપેક્ષા ) ભાવના રાખવાથીજ કરવામાં આવતી ધર્મકરણી સફળ થઇ શકે છે.

૯ પવિત્ર તીર્થની યાત્રા કરવા જતાં અને યાત્રા કર્યા પછી તો અવશ્ય અનીતિનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. તીર્થયાત્રાની સફળતા ત્યારેજ લેખી શકાય.

૧૦ અનિતિવંતનું મનજ ધર્મકરણીમાં ચોંટી શકતું નથી અને મન વગરની ( બહાર દેખાવ પૂરતી ) કરણી સારૂં ફળ આપી શકતી નથી. તેથીજ યાત્રીકોએ દયા, સત્ય, પ્રમાણિકતાદિક સાચવવા પૂરતી કાળજી રાખવી ઘટે છે. એકડા વગરનાં ગમ તેટલાં મીંડાં કર્યા શા કામનાં ?

૧૧ પ્રભુનાં આજ્ઞાવચનોને યથાશક્તિ અનુસરી ચાલવાથી જ સ્વશ્રેય થઇ શકે છે.

૧૨ નિર્મળ તત્ત્વશ્રદ્ધા અને બોધ સહિત સદ્વર્તન વડેજ સ્વકલ્યાણ સાધી શકાય. પોતે હિતમાર્ગને દ્રઢતાથી સેવનાર અન્યનું પણ હિત કરી શકે છે.

૧૩ યોગ્યતા મેળવ્યા વગર વસ્તુ ધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી તેથી ઉત્તમ પ્રકારની ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ અને ઉદારતાદિક વડે સુયોગ્યતા મેળવવા ચુકવું નહીં. રૂડી યોગ્યતા પામેલો જીવ ચિન્તામણી રત્ન જેવો ધર્મ સહેજે પામી શકે છે.

૧૪ કોઇ જાતનું કુવ્યસન પવિત્ર તીર્થને ભેટી જલદી દૂર કરી દેવું. પવિત્ર તીર્થને ભેટી તપ, જપ. જ્ઞાન, ધ્યાન, વ્રત, પચ્ચખાણ, કરવાનું વ્યસન કાયમ રાખવું.

૧૫ જંગમ તીર્થ જેવા સદ્‌ગુણી સંત મહાત્માદિકનો સમાગમ કરી દોષ માત્ર દૂર કરવા તેમની સ્વાર્થ વગરની હિત શિક્ષાને જરૂર અનુસરવું.

૧૬ મન વચન કાયાથી સઘળી શુદ્ધિ સાચવી સહુનું શ્રેય થાય એવું આપણી આસપાસ શુદ્ધ વાતાવરણ બનાવી દેવું જેથી શીઘ્ર સ્વપર કલ્યાણની સિદ્ધિ થાય.

ઇતિશમ્.

**શત્રુંજય તીર્થરાજ જેવા સર્વોત્તમ સ્થાનમાં** બીજી ખટપટ તજી શાન્તિથી રહેનાર સ્વહિત સાધી શકે છે. અંતર લક્ષથી જયણા ( જીવદયા ) સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગ પાળે એક પણ જાત્રા જેવી લાભદાયક થાય છે તેવી જયણારહિત ઉપયોગ શૂન્યપણે અનેક યાત્રાઓ કદી લાભદાયક થઈ શકતી નથી. તેથી થોડી ઘણી યાત્રા કરવા ઇચ્છતા સહુએ જરૂર જયણા સાચવવી જોઈએ.

લેખક—મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

## શ્રીમાન પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજનું ભાવનગર શહેરમાં આગમન અને પ્રવેશ મહોત્સવ.

પૂજ્યપાદ પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ વગેરે મુનિવરો અનેક સ્થળે વિહાર કરતાં અનેક જીવોને પ્રતિબોધ કરતાં ફાગણ વદી ૩ ના રોજ શહેર ભાવનગરમાં પોતાના શિષ્ય સમુદાય ઠાણા દશ સાથે શ્રી ભાવનગરના શ્રી સંઘની નમ્ર વિનંતિ સ્વીકારી પધાર્યા છે. અત્રેના શ્રી સંઘ તરફથી સવારના આઠ વાગે વાજતે ગાજતે ચતુર્વિધ શ્રીસંઘ સાથે સામૈયું તે દિવસે કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં જૈન સમુદાયની તે વખતે હાજરી હતી. શહેરના મોટા રસ્તાથી પસાર થઇ શ્રી મારવાડીના વંડાના નામથી ઓળખાતા શ્રી સંઘના ઉપાશ્રયમાં ઉક્ત મહાત્મા બીરાજમાન થયા હતા. ઉક્ત મહાત્માની શાંત અને અમૃતમય વાણીથી મંગળાચરણ શ્રવણ કરી ચતુવિધ સંઘ વિસર્જન થયો. હાલ દરરોજ વ્યાખ્યાન થાય છે અને અત્રેના શ્રી સંઘ તરફથી અતી આગ્રહ પૂર્વક ચાતુર્માસ માટે વિનંતિ કરવામાં આવે છે. ધારવા પ્રમાણે ઉક્ત મહાત્મા તે વિનંતિ સ્વીકારશે એવો અત્રેનો સંઘ સંપૂર્ણ ભરોસો રાખે છે.

**ધર્મિને ઘેર ધાડ**—એ કહેવત દુનીયામાં કેટલી વખત નજરે પડે છે. હાલમાં રજપુતાનાના પ્રતાપગઢ નિવાસી મારવાડી જૈન બંધુઓમાંના મુખ્ય એક ધર્મનિષ્ઠ બંધુ પ્રતાપચંદજી ધીયાના સુપુત્ર કુંવર ચાંદમલજી માહા વદી ૩૦ બુધવારના રોજ તાવ અને શ્વાસથી બીમારીથી જાવદ ગામમાં છવીશ વર્ષની અલ્પ વયમાં પંચત્વ પામ્યા છે. ભાઇ ચાંદમલજીના અંત સમય પહેલા ચાર કલાક પૂર્વે બંધુ પ્રતાપચંદજી આવી પહોંચ્યા હતા અને છેવટે તેમણે વ્રત—પચ્ચખાણ દાન પૂણ્ય કરાવ્યા હતા કુંવર ચાંદમલજીને માટે ભવિષ્યમાં સમાજસેવાના કામમાં સહાય કરવાની રાખેલી આશા શેઠ પ્રતાપચંદજીને વ્યર્થ ગઇ છે. તે માટે અમો દીલગીર છીયે. ભવિતવ્યતા આગળ મનુષ્યમાત્રનો ઉપાય નથી. કુંવર ચાંદમલજી શાન્ત સ્વભાવના ઉદાર વિનયવાન હતા, શેઠ પ્રતાપચંદજી ધીયાજીને દીલાસો આપીયે છીયે અને તે સ્વર્ગવાસી આત્માને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનુષ્યમાં મહાવીરપણાની પ્રતીતિ.

જગત્ ઉપકારી વર્તમાન છેલ્લા તીર્થંકર શ્રીમાન્ મહાવીર સ્વામી કે જેને થઇ ગયા ૨૪૪૭ વર્ષ થયાં છે છતાં તેમનું શાસન, એમણે ઉપદેશેલો ધર્મ વિદ્યમાન પ્રવર્તે છે, તે મહાન પ્રભુનો જન્મ ચૈત્ર શુદ ૧૩ ( આ માસમાં ) ના રોજ થયો હોવાથી તે એક કલ્યાણક પરમ પવિત્ર દિવસ તરીકે જૈનોમાં લેખાય છે, તે દિવસે દરેકે દરેક જૈનોએ તે મહાન પ્રભુના ગુણગ્રામ કરવા જોઇએ, યથાશકિત તેમને પગલે ચાલવા–તેમની આજ્ઞા પ્રમાણે વર્તન કરવા પ્રયત્ન કરવો જોઇએ અને દરેક ગામ યા શહેરમાં જયંતી ઉજવવી જોઇએ. અમારા શહેરમાં કોઇ કોઇ વાર તેવો પ્રયત્ન કરવામાં આવેલ હતો. આવી રીતે જયંતીઓ (ગુણગ્રામ કરવાથી) તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે ચાલવાથી એ મહાત્માએ વારસામાં આપેલ જ્ઞાનને ગ્રહણ કરી આજ્ઞાવત થવું જોઇએ તેમ થવાથી તે મહાન મહાવીર પ્રભુ પણું આપણે પણ પ્રાપ્ત કરી શકીયે છીયે એમ શાસ્ત્રકાર કહે છે અને તેજ મનુષ્યમાં મહાવીર પણાની પ્રતીતિ થવા યત્કિંચિત લેખ દ્વારા આ પ્રયત્ન કરીએ છીએ.

આ વિષય પછી પણ આને સંબંધ ધરાવતોજ વિષય પણ આલેખવામાં આવશે જેથી પ્રથમ મનુષ્યમાં મહાવીરપણાની પ્રતીતિ કેમ છે તે બતાવવા પ્રયત્ન કરીએ છીએ.

બીજાના મુખથી આપણે જે સત્ય શ્રવણ કરીએ છીએ, તેની સત્યતા બોલનાર વિષેના વિશ્વાસથી કે પોતાના અંતઃ કરણપર તેનું સ્વચ્છ પ્રતિબિંબ પડતું હોય તેથી પુરવાર થાય છે. પૈસાને ગ્રહણ કરનારા મનુષ્યને જેમ ખાત્રી થાય છે કે પ્રમાણિક માણુસ પૈસા આપનાર હોવાથી તે પૈસા સારા છે. અથવા તો તે માણુસ પ્રમાણિક છે તેથી સારા પૈસા આપે છે, તેવીજ રીતે સત્યની પ્રતીતિ માટે તેવીજ રીતે નિશ્ચય થઇ શકે કે કાંતો તે સત્યનો શીખવનાર વિશ્વાસ પાત્ર છે, માટે તેના સિદ્ધાંત સત્ય અને વિશ્વાસ પાત્ર છે અથવા શીખનાર માણુસ વિશ્વાસ પાત્ર છે. કારણ કે તેના સિદ્ધાંતમાંજ સત્યની પ્રતીતિ થાય છે. મહાવીરનો સત્ય સિદ્ધાંત તેના જીવન પરથી સંપૂર્ણ ખાત્રીના પુરાવા આપનાર હતો. મનુષ્યની વિવેકબુદ્ધિ અને હૃદયના ગુપ્ત વિચારો જાગૃત કરવાને તેમના વચનો એટલાં બધાં બંધબેસતાં હતાં. મનુષ્યની સામાન્ય વિચારણાપર સત્ય સ્વરૂપનું પ્રતિબિંબ પાડવાને એવા તો મજબુત પુરાવા તેમના જીવનમાંથી મળી આવતાં અને મનુષ્ય અંતઃકરણની ઉંડી ઇચ્છાઓનો તેના જીવનમાંથી એવો તો સ્વચ્છ પડઘો પડતો હતો કે તે પરમાત્માનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન દરેક મનુષ્યને મહાવીર સ્વરૂપે સહજ પ્રતિબિંબીત થતું. તેમના સિદ્ધાંતની સ્વર્ગીય સુગંધથી જેમના શારીરિક વસ્ત્રો સુગંધમય થતાં અને તેથી આકર્ષાઈને જેઓ સ્વાભાવિક રીતે એમ કહેતા કે અનાદિ જીવનમાંથી મુકત કરનાર એક તુંજ છે. તેવા મનુષ્યો મહાવીરપણાને કેવીરીતે પામતા એ વિચારવું તે તત્વવેતાને પણ પણું મુશ્કેલી ભરેલું જણાશે. સત્યનો દીપક માત્ર પોતાના પ્રકાશથી દષ્ટિગોચર થતો નથી તેને જે ગ્રહણ કરનાર છે તેની મુખ મુદ્રાપર પણ તેનો પ્રકાશ પાછળથી આપોઆપ પડે છે સત્યનો સામાન્ય પ્રતિઘોષ પરમાત્મ દ્રષ્ટિ વડે તે મહાત્મા દરેક મનુષ્યના અંતઃકરણમાં ધ્વનિત કરે છે.

મનુષ્યને સત્યની પ્રતીતિ કેવી રીતે થાય છે ?—સત્યના જે નિયમ મહાવીર દર્શાવે છે તેથી દરેક વિચારશીલ મનુષ્ય જાણીતો હોય છે. કેટલાક સત્ય એવા હોય છે કે તે લાંબા વખત સુધીની કે થોડા વખતની અમુક ક્રિયાથી, ચર્ચાથી અને વારંવાર નવી નવી કલ્પના કરવાથી આપણને પ્રતીતિ થાય છે. તેવીજ રીતે કેટલાંક એવાં પણ સત્ય છે કે જ્યારે મનમાં પણ તેનો સંકલ્પ થાય કે તરતજ તેની પ્રતીતિ થાય છે. સઘળું વિજ્ઞાન શાસ્ત્ર સત્યનાં ધોરણથી રચાએલું છે કે જે સત્ય પોતાની મેળે ખાત્રી કરાવવાને શકિતમાન્ રહે છે. સર્વ પ્રકારના જ્ઞાનના ગૂઢ રહસ્યના મૂળમાં સૌથી પ્રથમના નિયમો એવા હોય છે કે તેના પુરાવાની અપેક્ષા રહેતી નથી. તમારી વિવેક બુદ્ધિની સંકલ્પનાની પાછળ ચાલતા જ્યારે તમે તેના મૂળ સુધી પહોંચશો ત્યારે તમોને છેવટ એવું કારણ મળશે કે જે પોતાનાજ આધારે ઉભું રહેલું હોય છે. તે પોતેજ પોતાની સાબીતી આપે છે. તમારા જ્ઞાનનો અનુક્રમ તપાસી જોશો તો તમોને છેવટે એવો નિર્ણય થશે કે તે જ્ઞાનનો અધિષ્ટાયક કોઈના પણ આધારે નહિ રહેતાં બીજાને આધાર આપનાર છે. અસંખ્ય વિચારવા યોગ્ય બાબતો સત્ય, વ્યાજબી અને સુંદર હોવાની ખાત્રી કરાવવાને કદાચ તમે શકિતવાન થશો પણ કેટલીક બાબતો એવી પણ હોય છે કે જેને માટે તમે કાંઇપણ કારણ નહિ આપતાં તમે માત્ર એટલુંજ કહેશોકે હું તે બાબતો સત્ય સારી કે વ્યાજબી માનું છું અને તેથી હું તેને સત્ય અને સારી કહું છું. મારા મનમાં તે વિષે જરા પણ શંકા રહેતી નથી અને પરમાત્માની સાક્ષીએ મારૂં અંતઃકરણ કંઈ પણ કારણ વગર તે બાબત કબુલ કરી લે છે.

હવે પરમાત્માના વચનો તે આવા પ્રકારના ઘણા સત્ય રૂપ છે. જે વચનો શાસ્ત્રમાં લખાએલા છે તેમાનાં ઘણા વિષે મનુષ્યનું મન એટલું ખાત્રી વાળું હોય છે કે જેવા તે મન પર આવે છે કે તરતજ તેની સત્યતાની પ્રતીતિ થાય છે. જેમ મનોહર દેખાવોની સુંદરતા સાબીત કરવાને શોખીન આંખને કોઇ પણ પુરાવાની જરૂર રહેતી નથી, ચંચળ કાનને મધુરસ્વરની ખાત્રીને માટે કાંઇ પણ પ્રમાણની જેમ જરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર રહેતી નથી, તેવીજ રીતે મનુષ્યના આત્માને જગત્‌ની નૈતિક સુંદરતા અને ઐક્યતા જે પરમાત્માના વચનથી જણાય છે તેમાં એટલે બધો શુદ્ધ અને સત્ય વ્યવહાર રહેલો છે કે આંતર ચક્ષુઓ જો દૂષિત ન હોય તો સ્વભાવિક ખાત્રી અને પ્રમાણથી એકદમ દૈવીક સત્ય પદાર્થના સ્વરૂપને અનુભવી શકે છે. આત્માના મૂળ બંધારણમાં વગર લખેલા એવા સત્ય સિદ્ધાંતો છે કે જે બહારના લખેલા શાસ્ત્રરૂપે પરિણામને પામે છે. કહેવાનું તાત્પર્ય એવું છે કે શાસ્ત્રીય સિદ્ધાંતોનું મૂળ આત્મામાં છે. અંતઃકરણના ઉંડાણમાં એવું જ્ઞાન રહેલું છે કે મહાવીર પરમાત્માના જ્ઞાનનો પ્રતિબિંબિત અવાજ છેક ત્યાં જઈ અથડાય છે અને બધી જાતના આડા આવતા અજ્ઞાન શલ્યને તે દૂર કરી શકે છે. ટુંકામાં સરળ અંતઃકરણવાળા મનુષ્યમાં મહાવીર પણાનું તાત્કાલિક દૃઢ અને સીધું પ્રતિબિંબ પડે છે. ઉપરના સિદ્ધાંતને સ્ફુટ કરવાની હજુ અગત્ય છે.

જે સત્ય વિષે મનુષ્યને સ્વાભાવિક પ્રતીતિ થાય છે તે સત્ય પોતાના અંતઃકરણને કેળવ્યા વગર તે શોધી કાઢે છે તેવું નથી. મહાવીરના સત્ય વચનો પ્રતિઘોષિત થવાથી કે હૃદયમાં ઉંડા ઉતરવાથી તે વચનોના સિદ્ધાંતોનું મૂળ શોધવાની મનુષ્યમાં યોગ્યતા હોય છે એમ કહી શકાય નહિ, જો તેમ હોય તો વિવેક બુદ્ધિના અને અંતઃકરણના નિયમથી કોઈની પણ મદદ વગર શાસ્ત્રીય સિદ્ધાંતો મનુષ્ય આપોઆપ શોધી શકત; પરંતુ તેજ સ્થળે મહાવીર અને મનુષ્ય વચ્ચેનો તફાવત વ્યક્ત થાય છે, મનુષ્યમાં જ્યારે મહાવીરપણું આવે ત્યારેજ તેમાં તેવી શક્તિ ઉત્પન્ન થાય છે, મહાવીર પ્રભુમાં તેવી સ્વાભાવિક શક્તિ હતી, અને તેથી તે.બીજાની ગુપ્ત રહેલી શક્તિઓને પણ જાગૃત કરી શકવાને સમર્થ થતા.

સત્યને ઓળખવાની શક્તિ જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારે તેની સાથેજ તેજ સત્યના મૂળને શોધી કાઢવાની શક્તિ હોતી નથી, ધારણા શક્તિનો અનુક્રમ જે વિચારો જાણવાને અને નક્કી કરવાને મનુષ્યને શક્તિમાન કરે છે, તે અનુક્રમ જે શક્તિથી વિચાર ઉત્પન્ન કરી શકાય છે, તેના કરતાં ઘણોજ હલકા પ્રકારનો હોય છે, આપણે જે શોધી શકીએ નહિ તે સમજી શકીએ, જેમકે કુદરતનો કોઇપણ મહાન કાનુન શોધી કાઢવાને અને તે વિજ્ઞાન શાસ્ત્રના નિયમને લાગુ કરવાને શોધ કરનારની માનસિક શક્તિઓ ઘણીજ તીક્ષ્ણ અને અસાધારણ હોય છે; પરંતુ જ્યારે તે નિયમની શોધ કરી એક વખત જાહેરમાં મુકવામાં આવે છે ત્યારે સેંકડો બુદ્ધિશાળી મનુષ્યો તેને સહેજ વારમાં સમજી લે છે કે જેની જીંદગી સુધી શોધ કરવાથી પણ તેઓ ફતેહ મેળવી શકત નહિ. દ્રવ્યગુણ પર્યાયના જે ભેદ મહાવીરના સિદ્ધાંતમાં મળી આવે છે, અને દરેક પદાર્થને લાગું કરી શકાય છે, તેવીજ રીતે સપ્તભંગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સ્યાદ્વાદના પણ જે જે નિયમો પદાર્થને બંધબેસ્તા થઇ જાય છે, અને વસ્તુ સ્થિતિ સમજાય છે, તે શોધ ગમે તેવા તીક્ષ્ણ બુદ્ધિના મનુષ્યથી પણ થઇ શકે તેવું કહી શકાશે નહિ, મહાવીરપણું ખરા સ્વરૂપમાં તો ફક્ત મહાવીરમાંજ મળી આવે છે, અને મહાવીરના આલંબનથીજ—મદદથીજ મનુષ્ય મહાવીરપણાને પહોંચી શકે છે, દરેક મનુષ્યમાં મહાવીરપણું રહલું છે, અને તે શક્તિને વિચારથી, જોવાથી અને ભેદ જ્ઞાનથી અંતઃકરણના ઉંડા ભાગમાં ઉથલપાથલ કરીને સત્ય સમજવાને શક્તિવાળા થવાય છે, પછી તે છતાં સત્યના મૂળ શોધક થવાનું અને જગત્‌ના મનુષ્યના હૃદયમાંથી સત્યની પ્રતીતિ કરાવવાનું મહાવીર જેવું ભાગ્ય કોઇ વીરલાનેજ માટે નિર્માણ થયેલું હોય છે. એક મહાન કવિ માણસના મનને પ્રફુલ્લિત કરવાને અને ધ્રુજાવવાને શક્તિવાન હોય છે, તેમાં ગમે તે ગુપ્ત ભેદ હોય પણ એટલું તો નક્કી છે કે તે માત્ર પોતાના વિચારો અને પોતાની લાગણીઓને શબ્દદ્વારા બહાર લાવે છે. કે જે વિચારો અને લાગણીઓ ઘણા થોડાજ માણસો દર્શાવી શકે તે છતાં સામાન્ય સમજવાળા મનુષ્યો તે વિચારોને પોતાના વિચાર તરીકે ગ્રહણ કરી લે છે. કેમકે તેજ લાગણી અને વિચારો ગુપ્તપણે દરેક મનુષ્યમાં રહેલા હોય છે તે અમુક કારણ પામીને જાગૃત થાય છે. મહાન ગ્રંથકારોના લેખની સત્યતા સમજવાની શક્તિ ધરાવનારા મનુષ્ય લાખો ગમે હોય છે, પણ તેઓ પોતાથી તેવા લેખો ઉત્પન્ન કરવાનું કદિ બની શકતું નથી. સુંદરતાના અને સત્યતાના ઝાંખા, અસ્વચ્છ અને આચ્છાદનવાળા વિચારો ઘણા માણસોના મનમાં ઉદ્ભવે છે અને જેનામાં વિચાર ઉત્પન્ન કરવાનું શુદ્ધજ્ઞાન હોય તેજ સત્યને ખરા સ્વરૂપમાં અને ખરી સુંદરતામાં પ્રગટ કરી શકે છે, અને સત્ય તે પોતે પોતાને સમજાવવાથી અનુક્રમે મનુષ્યનું અંતઃકરણ મહાવીરની દ્રષ્ટિમાં મહાવીરપણું અનુભવે છે.

હવે આ સિદ્ધાંતમાં હજુ જરા આગળ વધીશું તો એટલું તો સ્પષ્ટ છે કે શાસ્ત્રીય સિદ્ધાંતો જે મનુષ્યની વિવેક બુદ્ધિ અને અંતઃકરણ સમજી શકે છે, તે સિદ્ધાંતો મનુષ્યની વિવેક બુધિમાં કોઇની પણ સહાયતા વગર દૈવીક સત્ય શોધી કાઢવાનો યોગ્યતા લાવી શકતા નથી. શાસ્ત્રોથી જે બાબતો માણસ શોધી ન શકે તે સારી રીતે સમજવાને તે શકિતવાન થાય છે. જોકે આત્મામાં ગુપ્ત શ્રદ્ધા, ઝાંખી લાગણીઓ, ન સમજાય તેવી આશાઓ અને ઊંડી ઇચ્છાઓ રહેલી છે તો પણ જ્યાં સુધી દૈવીક સત્યનો બહારનો પ્રકાશ તેને અજવાળામાં લાવતો નથી ત્યાં સુધી તે મનુષ્યને પોતાને જણાતો નથી તેમ તેનાથી તેનો અનુભવ થઇ શકતો નથી. વળી મનુષ્યના હૃદય અને મનપર એક અજાણી ભાષાના એવા અક્ષરો લખાયેલા છે કે જેને સ્ફુટ કરવાની ચાવી ફક્ત કુદર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તના સર્વમાન્ય સત્યમાં રહેલી છે એક અશ્રદ્ધાળુ અથવા એક અજ્ઞાન માણુસને દૈવીક સત્ય સમજાવનારની સામે ઉભો રાખો અને જેવો તે લક્ષપૂર્વ સાંભળશે કે તરતજ તેના અંત:કરણમાંથી કોઇ એવી વીજળી બહાર આવશે કે તેને સત્યની પ્રતીતિ થયા વગર રહેશે નહિ, તેને સઘળા વિષે ખાત્રી થશે, તે સઘળી બાબતની તુલના કરી શકશે તેના અંત:કરણના ગુહ્ય રહસ્યો ખુલ્લાં થશે અને તેથી તે મહાવીર પરમાત્માની ભક્તિ કરશે, આરાધના કરશે અને વીરપ્રભુને પોતાની નજદીકમાં જોઇ શકશે. અનાદિ અને અદૃશ્ય સત્યતાની દુનિઆમાં જ્યાં આપણે શ્રેષ્ટ પ્રાણી તરીકે રહીએ છીએ ત્યાં મનુષ્યને ઉડવાને ઘણી ઉંચી જગ્યાઓ છે. અવનત મનુષ્યત્વમાંથી ઉન્નત થવાને ઘણા છુપા માર્ગ છે કે જે વિચારવંત પ્રાણીઓ મેળવી શકે છે, જો કે ગમે તેવી શોધથી આપણે પરમાત્માને શોધી શકીએ નહિ, વળી જો કે પવિત્ર નૈતિક કાયદાની ખાત્રી છે કે અમરપદનું સ્વપ્ન ગમે તેવા પ્રયત્નથી અને માનુષિક વિવેક બુદ્ધિથી અપ્રાપ્તવ્ય છે તો પણ મનુષ્યના સ્વભાવના બંધારણમાં એટલું બધું દૈવિક તત્વ રહેલું છે, તેના અંત:કરણપર એવા સ્વચ્છ નૈતિક ધોરણની છાપ પડેલી છે. જગતના અંત:કરણમાં અમરપણા પાછળ એટલી બધી મજબુત અને ઉંડી લાગણી તથા ઇચ્છા શાંતપણે રહેલી છે કે મહાવીર પરમાત્મા જાગૃત થયેલા આત્મામાં પોતાના સર્વ માન્ય ઉપદેશનો તાત્કાલીક બદલો અને પ્રમાણુ જોઇ શકતા, તેથી કરીને દૈવીક સત્ય જોકે મનુષ્યની વિવેક બુદ્ધિ શોધી શકતી નથી તોપણુ તેની સાથે તેને ઘણો નિકટનો સંબંધ છે, જોકે તે માનવ હૃદય સુધી પહોંચી શકતું નથી તોપણુ તેના નિયમો અને ધોરણો ઘણી ખાત્રી આપે છે, મનુષ્ય મુખથી તેને બોલી શકતો નથી તોપણુ મહાવીર જે રૂપે મનુષ્યને સત્ય સમજાવે છે તે રીતે તેઓ તેને તાદ્દશ ગ્રહણુ કરી શકે છે. વળી મનુષ્ય અંત:કરણને સર્વ માન્ય સિદ્ધાંતની આપોઆપ પ્રતીતિ થાય છે એમ નકકી કરવામાં આપણે તે સત્ય શોધવાની શક્તિ મનુષ્યમાં નથી એમ કબુલ કરીએ છીએ, એટલુંજ નહી પણુ અંત:કરણુ તેની અપૂર્ણ અને અશાંત સ્થીતિમાં તે સત્યની શોધ થયા પછી પણુ તેને સંપૂર્ણપણે ઓળખવાને અને વિસ્તારવાને યોગ્યતાવાળું હોય છે એમ પણુ કહી શકાય નહિ. એટલું તો કબુલ કરી શકાય કે માણુસનું હૃદય જો પવિત્ર અને પૂર્ણ સ્થીતિવાળું હોય તો મહાવીરના અંત:કરણની સાથે તે જોડાઇ શકે છે અને તેના પવિત્ર વચનનો પડઘો પવિત્ર અંત:કરણમાં પડી શકે છે, પરંતુ મનુષ્યનું અંત:કરણુ પવિત્ર અને પૂર્ણ હોતું નથી તેમની વિવેક બુદ્ધિ ઝાંખી અને રજુ ન થઇ શકે તેવી થઇ ગઇ હોય છે તેથી સંપૂર્ણ અને સ્વચ્છ પ્રતિબિંબ પડવાને બદલે તેમાંથી સેંકડો જૂઠી કલ્પનાઓ અને અસત્ય પ્રમાણો ફૂટી નીકળે છે. આંતરીક ચક્ષુઓ અને કર્ણ જો દૃઢ અને તંદુરસ્ત વિચાર વાતાવરણવાળા હોય તો દૈવીક પદાર્થની સુંદરતા અને ઐકયતા ત્વરીત ગ્રહણુ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે છે પણ માનવ આત્માની દૃષ્ટિ દુષિત થયેલી હોય છે, તેથી તેનામાં સત્યની તુલના કરવાનું વ્યાજબી ધોરણ કયાંથી હોઇ શકે ? એમ કેમ ખાત્રીથી કહી શકાય કે સત્યને દરેક મનુષ્યનું અંતઃકરણ ગ્રહણ કરી શકે છે.

આ મુશ્કેલી ભરેલા પ્રશ્નનું નિરાકરણ કદાચ એવી રીતે કરી શકાય કે દૈવીક સત્ય મનુષ્યના અંતકરણ પર પ્રતિબીંબ પાડવાને અને તેને જાગૃત કરવાને એકદમ પ્રયત્ન કરે છે કે તે સત્ય મનમાં એવી યોગ્યતા ઉત્પન્ન કરે છે કે જેથી તે ભેદને પામી શકે છે. જેવી રીતે સૂર્યનું કિરણ રમતું રમતું સુતેલા માણસની મુખમુદ્રા પર પડે છે અને પોતાનો પ્રકાશ જોવાને માટે તેની ચક્ષુઓ ઉઘાડે છે, તેવીજ રીતે મહાવીર પરમાત્માનું સત્ય આત્માપર પ્રકાશતું તેની શક્તિ ચંચળ અને જાગૃત કરે છે કે જેથી કરીને તે સત્યને જોઇ શકે છે. જીજ્ઞાસા માનસિક શક્તિને જાગૃત કરે છે તે છતાં માનસિક શક્તિ જીજ્ઞાસામાં ઓતપ્રોત થયેલી છે. તેથી એમાંથી પ્રથમ ક્રિયા કોની છે તે ચોક્કસ કહેવાતું નથી પણ તેઓ એક સાથેજ કામ કરે છે. એમ સામાન્ય રીતે કહેવાય છે. સત્ય મનને જાગૃત કરે છે, તો પણ મન ચંચળતામાં હોવુંજ જોઈએ, નહિતર સત્ય તેને પહોંચી શકે નહી આવીજ એવડી ક્રિયા આત્માના અનુક્રમવાળા અભ્યાસમાં ચાલી આવે છે. પ્રકાશ અને કલ્પના, જ્ઞાન અને સમજણ, દૈવીક સત્ય અને વિવેક બુદ્ધિ સાથેજ ઉત્પન્ન થાય છે, અને વિસ્તારને પામે છે તેમાં વારંવાર પરાવર્તન થયા કરે છે, તેઓ અનુક્રમે કારણરૂપ થાય છે અને અસર કરનારા થાય છે. સાંસારિક અભ્યાસના ધોરણ અને વિચારની પેઠે આ બાબતમાં પણ જેમ જેમ દરેક માણસ જ્ઞાનમાં આગળ વધે છે તેમ તેમ તેની જાણવાની શક્તિ વધારે ખીલે છે અને તે શક્તિના નિયમથી જ્ઞાનમાં વિશેષને વિશેષ વૃદ્ધિ થાય છે. નવી નવી શંકાનું સમાધાન થયા પછી સાહિત્યમાં કે વિજ્ઞાનશાસ્ત્રમાં દરેક મુશ્કેલી દુર થઇ શકે છે. જોવાની, મુકાબલો કરવાની, જુદા પાડવાની વિગેરે શક્તિઓ દૃઢ થાય છે ધ્યાન આપવાની માનસિક પ્રકૃતિ મજબુત થાય છે અને એવી રીતે જ્ઞાનનો વિસ્મૃત અનુક્રમ, સત્યનો વિસ્તારવાળો, પવિત્ર અને જાણી શકાય તેવો દેખાવ, મનને પ્રતીત થાય છે. વળી કુદરતના નિરીક્ષણથી સુંદરતાનું વિવેકબુદ્ધિ પ્રથમ અનુમાન કરતા શીખે છે. અનેપછી કેળવાય છે. વિચાર કરવાના કામમાં વિચાર કરવાની શક્તિ વિસ્તારને પામે છે. જીજ્ઞાસા ત્વરિત થાય છે, વિચાર અને લાગણીના તત્વો પવિત્ર અને પ્રફુલ્લિત કરાય છે અને તેથી કરીને કુદરતની નિરીક્ષા કરનારનું આખું મન ઉત્સાહ, સંપૂર્ણ સમજવાળું અને કેળવાએલું થઇ જાય છે. તેવી--રીતે આંતરીક ભેદ જાણવાની શક્તિ પ્રથમ દૈવીક સત્યનું માહાત્મ્ય અને સુંદરતા ઓળખવાને યોગ્ય હોતી નથી તે હમેશના અભ્યાસ અને પરિચયથી તેને જાણવાને વિશેષને વિશેષ કેળવાતી જાય છે. મહાવીર પરમાત્માના વચનના આતુર અભ્યાસના દરેક કાર્યમાં સુધારણાની ઉંચી ક્રિયા ચાલુ રહે છે. મનની જડતા અને શૂન્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દૂર ફેંકી દેવામાં આવે છે. અને આંતરિક તીક્ષ્ણતાના નવા સ્પર્શનો અનુભવ થાય છે, ધાર્મિક અભિરૂચી તેને યોગ્ય ખોરાક મળવાથી વધારે ને વધારે દૈવીક પોષણ મેળવવાને યોગ્ય થતી જાય છે. અંતરચક્ષુ જીજ્ઞાસાને અભ્યાસથી વધારેને વધારે સૂક્ષ્મ કરે છે કે જેના પરિણામે લાંબા વખતના સત્યના અનુભવથી આત્મા લગભગ સ્વચ્છ આત્રીની પવિત્ર પ્રકૃતિ હોય તો પણ સત્યના પ્રભાવથી છુપાઇ રહેલી શક્તિઓ જાગૃત થાય છે, અને મહાવીર પરમાત્માના જીવનમાં અને તેના સત્ય વચનમાં પવિત્ર દૃષ્ટિ હોય ત્યાં સુધી ઉચ્ચ સ્થિતિનું રક્ષણ થાય છે. V.**

# વર્તમાન સમાચાર

અહિંસક, શાંતિ અને સુલેહની પ્રવૃતિપણાથી દેશ ઉપર ઉપકાર કરનાર મહાન્ દેશભક્ત પરમ ઉપકારી મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીના સુપ્રયત્નથી ભારતવર્ષ અત્યારે કાંઇક નિદ્રામાંથી જાગ્યો છે, પોતાનું શું છે ? પોતે કઇ સ્થિતિએ છે પોતામાટે દેશની ઉત્પન્ન થયેલ કપડા વગેરે ઉપયોગની ચીજની કેટલી જરૂરીઆત છે તે સમજવા લાગ્યા છે. કેટલેક અંશે તેના પ્રચારના પ્રયત્નો પણ થવા લાગ્યા છે. તા. ૬–૪–૧૯૨૧ થી તા. ૧૩–૪–૧૯૨૧ ના આઠ દિવસો હવે આ દેશની ઉન્નતિ માટે કિંમતી ગણાયા છે. આ વર્ષે પણ ઘણે સ્થળે સ્વદેશના ઉદ્ધાર માટે, સ્વદેશી વસ્તુના રેંટીયાના પ્રચાર માટે મીટીંગો, ભાષણો ઉપદેશોથી અને મહાત્મા તીલક ફંડ કે જેમાંથી દેશના ઉદ્ધારનો માર્ગ યોજાયેલો છે તે ઉઘરાવવા માટે પ્રયત્નો થયા છે. આ શહેરમાં પણ તેવા પ્રયત્નમાં શાંતિથી અઠવાડીયું પ્રસાર થયું હતું. આ શહેરમાં એક પાટણના વતની બંધુ ભોગીલાલ સાકરચંદ સાંભળવા પ્રમાણે પોતાનો ધંધો છોડી સ્વદેશ પ્રેમ જાગ્રત થવાથી ઉપદેશક તરીકે બહાર આવ્યા છે. તેઓ કવિતામાંજ ઉપદેશ આપે છે. અત્રે શહેરમાં જાહેર ભાષણોમાં પણ તેમણે જેમ ભાગ લીધો હતો તેમ અત્રે બીરાજમાન પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજના વ્યાખ્યાનમાં પણ જૈન બંધુઓ બ્હેનોને તેમણે પોતાની કવિતાદ્વારા ઉપદેશનો લાભ આપ્યો હતો. તેમના તેવા પ્રયત્નથી અત્રેથી તેમને મહારાજશ્રીના વ્યાખ્યાનમાં સુવર્ણનો ચાંદ આપવામાં આવ્યો હતો, આપણી બ્હેનોને પણ કવિતાદ્વારા રડવા કુટવાના હાનિકારક રીવાજના સંબંધમાં ઉપદેશ આપ્યો હતો જેથી કેટલેક અંશે તે ઓછું થયું હતું. તીલક ફંડ માટે પણ આપણી કોમમાં કેટલીક રકમ થઇ હતી. જૈન કોમમાં પણ આથી કેટલીક દેશના ઉદ્ધાર માટે સામાન્ય જાગૃતિ થઇ હતી.

* * * *

જૈનેતર બંધુ ગોપાળજી ઓધવજી ઠક્કરના સુપ્રયત્નથી બે ત્રણ વર્ષ થયા કાર્તિકી તથા ચૈત્રી પુનમ વગેરેના મેળા ઉપર પાલીતાણે આવતા જૈન બંધુઓની સ્વયંસેવકોદ્વારા સગવડ ( સેવા ) કરવામાં આવે છે. એક વર્ષથી તેમાં જૈન કોમના પણ યુવકો ભાગ લે છે તે તમામની આ વર્ષે સેવા જોઇ આગ્રા નિવાસી શેઠ લક્ષ્મીચંદજી બેદેએ તમામને રૂપાના ચાંદો બક્ષીસ આપવા અત્રેશ્રી સંઘને મોકલી આપ્યા હતા. જે પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજના અધ્યક્ષ સ્થાને મીટીંગ ભરી વહેંચવામાં આવ્યા હતા જેથી તે ઉક્ત શેઠ સાહેબને ધન્યવાદ ઘટે છે. આ તમામ સ્વયંસેવકો ભાવનગરના વતની છતાં અને તે જૈન બંધુઓનીજ સેવા કરતા હતા છતાં અમારા અત્રેના આગેવાનોને તેમની સેવાની આવી કે બીજી રીતે કદર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા કે ઉત્તેજન આપવાનું શ્રી સંઘ દ્વારા સૂઝ્યું નથી, પરંતુ એક બહારના રહેનાર માત્ર નજરે જોઇને જેની કદર અમારે કરવી જોઇએ તેને બદલે આ સ્વયંસેવક બંધુઓની જે કદર તેમણે કરી છે તે ખરેખર પ્રશંસાપાત્ર છે. અમારા અત્રેના આગેવાનો આવી સેવાઓની કદર કરવી કે સામું જોવું પણ આગળ ભૂલી ગયા છે આ તેમની પ્રકૃતિ હો કે ગમે તે કારણ હો ! પરંતુ હિંદની જૈન કોમમાં સમજુ ગણાંતા અત્રેના તે આગેવાનો આવી સેવાની કદર કોઇપણ રીતે કરવી ભૂલી જાય તે અમોને તો યોગ્ય લાગતું નથી અને તેને લઇને તેવા પ્રસંગોએ જુદા જુદા મનુષ્યોને જુદું જુદું કારણ તેને માટે માનવાનું મળે તો તે બનવાજોગ છે. અમો નમ્ર સુચના કરીયે છીયે કે આવા પ્રસંગોની કદર કરવી ભૂલવી જોઇતી નથી.

**શ્રી વડોદરા શહેરમાં શ્રી જૈન યુવક મંડળ તરફથી ઉજવાયેલ શ્રી મહાવીર જયંતી**—ચૈત્ર શુદ ૧૩ ના રોજ શ્રી મહાવીરપ્રભુના જન્મ દિવસના પવિત્ર દિવસે જયંતી ઉજવવામાં આવી હતી. સવારના આઠ વાગે જાની શેરીના ઉપાશ્રયથી વરઘોડો નીકળ્યો હતો જેમાં પ્રભુના રથને સ્વદેશી કાપડ ( ખાદી ) માં સજ્જ કરેલો હતો તે દેખાવ સમયાનુસાર હોઇ આકર્ષણીય ગણાતો હતો. વરઘોડો ફરીને આવ્યા બાદ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયકમલ સુરીશ્વરના હસ્તે શ્રી જૈન જ્ઞાનમંદિરના મકાનમાં "જીવ વિચાર" નું પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આવા ઉપદેશક પ્રદર્શનો ભરવાનો જૈન કોમમાં આ પહેલો પ્રસંગ છે. અત્રે કોમ અને ધર્મ માટે તેની જરૂરીઆત છે. મનુષ્યને વસ્તુનું ખરેખરૂં સ્વરૂપ, શોધન, નિપજ, ગૌરવતા, જાહોજલાલી, પ્રાચીનતા અને ઉપદેશ માટે હમેશાં પ્રદર્શનો આવકારદાયક છે. એટલા માટે પ્રદર્શનો ઉપરાંત મોટા મોટા શહેરમાં જૈનોએ ઉપરના કારણો માટે સંગ્રહસ્થાનો પણ ખોલવાની જરૂર છે, વડોદરાના આ મંડળને અમો આ કાર્ય માટે ધન્યવાદ આપીયે છીયે અને તે પ્રદર્શનનો રીપોર્ટ તેઓ સ્ફુટ હકીકતથી બહાર પાડશે તો સમાજને ઘણું જાણવાનું તેમાંથી મળી શકશે.

આ જયંતી પ્રસંગે રાત્રિના કોઠીપોળના ઉપાશ્રયે મેળાવડો કરવામાં આવ્યો હતો જુદા જુદા પાંચ વિષયો ઉપર વિદ્વાન જૈન બંધુઓના ભાષણો થયા હતા એવી રીતે મહાવીર પ્રભુની જયંતી ભકિત, ગુણગ્રામ, ધાર્મિકક્રિયા વગેરેથી કરવામાં આવી હતી.

## ગ્રંથાવલોકન.

**ઉદય**—ત્રિમાસિકનો પ્રથમ અંક અમોને અવલોકન માટે મળ્યો છે. તે રાધનપુરથી એક ધર્મનિષ્ઠ બંધુ તંત્રી વકીલ ભુદરદાસ વચ્છરાજના હાથથી પ્રગટ થતું જોઇ અમો આનંદ પામીયે છીયે, આવી સખ્ત કાગળ અને છપાઇની મોંઘવારીના વખતમાં આવા એક પેપરનો જન્મ થવો તે જન્મ આપનારાઓનું એક સાહસ ગણી શકાય, છતાં તે એક જૈન સંસ્થા ( જૈન યુવકોદય મંડળ ) તરફથી પ્રગટ થતું તેના નાયક પણ જૈન હોવા છતાં તેના લેખો વાંચતા તે સામાજીક હોઇ જૈન અને જૈનેતર બંને પણ તેનો લાભ લઇ શકે તે બનવા જોગ છે ઘણા માસિકો પ્રગટ થતી વખતે તેના જન્મ આપનારાઓનો તેને માટે જે ઉત્સાહ હોય છે તે ઉત્સાહ, દૃઢતા અને વ્યવસ્થામાં ખલલ પડતાં તે નિદ્રાવશ થાય છે તેમ ન બને, તેટલા માટે આ ઉદય માસિકના જન્મદાતાઓ ધીરજ, ખંત, અને ઉત્સાહને ભવિષ્યમાં પણ ન ઘટવા દેતાં દૃઢતાંપૂર્વક તેને ચલાવી પૂર્ણ ઉત્સાહ સાથે તેની સુવ્યવસ્થા કરી તેના પાયા મજબુત આગળ ચલાવશે એટલી સુચના કરીયે છીયે. અમો તેની આબાદિ અને અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત

## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતા તેવા જીવોને ઉપકાર કરવા નિમિતેજ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારનેજ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવ અધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે ! ત્યારબાદ જેમના મતનો વિચાર કર્તવ્ય છે તેવા નામ અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મજ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન શ્રીમાન્ ગ્રંથકર્તાએ અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ.૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

## " શ્રી જૈન બાળ મિત્ર મંડળ "

ગરીબ વિદ્યાર્થી બંધુઓને ઉપરોક્ત મંડળ તરફથી જણાવવામાં આવે છે કેઃ—

ચાલુ મોંઘવારીને લઇને કોઇ પણ ગરીબ વિદ્યાર્થી બંધુને વિદ્યાભ્યાસને માટે જે કંઇ સાધનો જોઇએ તે ઉપરોક્ત સંસ્થા તરફથી મળી શકશે. માટે તેઓએ પોતાનો અભ્યાસ ચાલુ રાખવા માટે પોતાની સ્થિતિ બતાવી, ચોપડીઓનું રીતસર લીષ્ટ આપી, પોતાનું પુરૂં સરનામું, વર્ગ શિક્ષકનું પ્રમાણ પત્ર, અને ભણીરહ્યાબાદ પુસ્તકો પાછા મોકલવાની બંધણી સાથે " શ્રી જૈન બાળ મિત્ર મંડળ ઠે૦ બાબુ પન્નાલાલ પુરનચંદ જૈન હાઇસ્કુલ પીરભાઇ બીલ્ડીંગ નં. ૨ ત્રીજે માળે મુંબઇ નં. ૨ એ પ્રમાણે શીરનામું કરી અરજી મોકલવી.

શ્રી જૈન બાળ મિત્ર મંડળ

સેક્રેટરી

પ્રીન્સેસ સ્ટીટ પી. પી. જૈન હાઇસ્કુલ–મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એકાન્ત જીવન.

" આત્માનું પવિત્ર જીવન શોધી શકાતું નથી; પરંતુ તે વૈભવી જીવનમાં ખોવાઇ ગયું છે. તૃષ્ણાઓ હંમેશાં વધતી જાય છે તૃષ્ણાઓની સીમા નથી. બાહ્ય આનંદની અને ખાલી પ્રવૃત્તિની દુનીયા એ એક જંજાળનો પ્રદેશ છે તે આપણને એકાન્તની જરૂર પાડે છે. શરીરને જેમ તેની શક્તિઓ પાછી મેળવવા માટે આરામની જરૂર છે તેમ આત્માને તેની શક્તિઓના નવજીવન માટે એકાન્તની જરૂર છે. માણસના શારીરિક સુખને માટે નિદ્રા જેટલી જરૂરની વા અગત્યની છે તેટલીજ તેના આત્મિક સુખને માટે એકાન્ત પણ અગત્યની છે. એકાન્તમાં .પવિત્ર વિચારો સ્ફુરે છે. શરીરને જેમ પ્રવૃત્તિની જરૂર છે તેમ આત્માને પવિત્ર વિચારોની જરૂર છે. નિદ્રા અને આરામ વિના શરીરનો જેમ વિનાશ થાય છે તેમ યોગ્ય શાંતિ અને એકાન્ત વિના મનુષ્યના આત્મામાં ભંગાણ પડે છે. મનુષ્ય જો એક દૈવિ મનુષ્ય તરીકે આ ફાની દુનિયાથી અમુક વખત- સુધી દૂર ન રહે અને સત્યને મેળવવા મથન ન કરે તો તે બળમાં અને સત્યમાં નભી શકેજ નહિ. એકાન્તમાંથી માણસોના સમુહને દિલાસો મળ્યો છે. એ એકાન્તને માણસો અમલમાં લાવે છે. દુનિયાની દખલથી દૂર રહીને અને મનની શાંતિ સાચવીને નિયમિત રીતે ધર્મક્રિયાનું અવલોકન કરવાથી માણસો જે કાર્યો જાણી બુજીને પણ કરવાને ટેવાયલા નથી તેજ કાર્યો તેમને અણચિંતવ્યા પણ કરવા પડે છે. માણસોની આંતર શાંતિ ઉપર મનને ધ્યાનસ્થ કરવાની અને ઉમદા પવિત્ર વસ્તુઓ ઉપર વિચાર કરવાની ફરજ પડે છે. જે માણસો એકાન્તમાં પોતાના મનને કાબુમાં રાખવાનું અને વિશુદ્ધ બનાવવાનું શીખ્યા નથી અને ત્હોએ જેમની ઇચ્છા કોઇ ઉમદા વસ્તુ માટે ફાંફાં મારે છે તેઓને આ પદ્ધતિવાળા ધર્મની જરૂર લાગે છે; પરંતુ જેમણે પોતાના આત્મા ઉપર ફત્તેહ મેળવી છે અને જેઓ પોતાની વાસનાઓને તાબે કરવાને અને પોતાના મનને કોઇ પવિત્ર દિશામાં વાળવાને મથી રહ્યા છે વા જેવો એકાન્ત જીવન ગાળે છે તેમને પુસ્તકો ધર્મગુરૂઓ વા દેવળની કોઇ પણ જાતની મદદની જરૂર નથી. મહાત્માના આનંદ માટે દેવળની હયાતી નથી, પરંતુ પાંપીઓની ઉન્નતિ માટે તે અસ્તિત્વ ધરાવે છે. એકાન્તમાં માણસો જીવનની અગવડો અને લાલચોની સામે થવાને બળ મેળવે છે. તેમને સમજવાને અને જીતવાને જ્ઞાન અને ડહાપણ મેળવે છે. મૂળ પાયાથી જેમ કોઇ મકાન ટકી રહે છે તેમ એકાન્તથી માણસો બળ મેળવે છે. પાયાને કોઇ દેખતું નથી તેમ એકાન્તને પણ કોઇ જોતું નથી. એકલી એકાન્તથીજ માણસ પોતાને, પોતાના સ્વભાવને અને પોતાની શક્તિ તથા સત્તાને સમજી શકે છે. દુનિયાની ગડમથલમાં અને તૃષ્ણાની ઘુમરાણમાં આત્માનો નાદ સંભળાતો નથી, એકાન્ત વિના આત્મિક વિકાસ સંભવી શકેજ નહિ."

" નંદનવનને આંગણે " માંથી.

For Private And Personal Use Only